शेठ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર

तस्य भासा विभाति

# સંનિધિ

વર્ષ: ૧૪, અંક:૪૧, ડિસેમ્બર-૨૦૨૫, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોન:26463511, 26463696
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## શેઠ ચી. ન. વિદ્યાલય: શતાબ્દી વર્ષે 'શાળા સેતુ' થકી પૂર્વ વિદ્યાર્થીઓનું અણમોલ માર્ગદર્શન

અમદાવાદની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા શેઠ ચી. ન. વિદ્યાવિહાર તેની આગવી પરંપરાઓ અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે જાણીતી છે. ૧૯૧૨માં સ્થાપાયેલી આ સંસ્થા માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પણ એક સંસ્કારધામ છે.

### સંસ્થાની પાયાની પરંપરાઓ

- **ગાંધીવાદી વિચારધારા:** વિદ્યાવિહારના મૂળમાં સાદગી, સ્વાવલંબન અને સત્ય રહેલું છે. અહીં શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન કરવામાં આવે છે.
- **સર્વગ્રાહી વિકાસ:** માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પણ સંગીત, કલા, અને રમતગમતને સમાન મહત્વ આપવામાં આવે છે.
- **પ્રકૃતિ સાથે જોડાણ:** સંસ્થાનું હરિયાળું કેમ્પસ વિદ્યાર્થીઓને કુદરતની નજીક રાખે છે. ખુલ્લા વાતાવરણમાં શિક્ષણ લેવાની પરંપરા અહીં વર્ષોથી જળવાયેલી છે.

આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં જ્યારે આખું વિશ્વ માનસિક તણાવ અને નૈતિક પતનનો સામનો કરી રહ્યું છે, ત્યારે અહીં અપાતું મૂલ્યનિષ્ઠ શિક્ષણ વિદ્યાર્થીઓને મજબૂત ચારિત્ર્ય પૂરું પાડે છે. આજના ડિજિટલ યુગમાં જ્યારે હસ્તકલા અને પરંપરાગત કલાઓ વિસરાતી જાય છે, ત્યારે ચી. ન. ફાઈન આર્ટસ જેવી સંસ્થાઓ આ વારસાને જીવંત રાખવાનું કામ કરે છે. આ સંસ્થા વિદ્યાર્થીઓને શિસ્તની સાથે સાથે વિચારવાની સ્વતંત્રતા આપે છે, જે આજના 'ક્રિએટિવ ઇકોનોમી'ના સમયમાં ખૂબ જ જરૂરી છે. અહીં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓમાં સમાજ પ્રત્યેની સંવેદનશીલતા જોવા મળે છે, જે એક જવાબદાર નાગરિક બનવા માટે અનિવાર્ય છે.

શેઠ ચી. ન. વિદ્યાલય, જેણે જ્ઞાનની જ્યોત પ્રગટાવીને અસંખ્ય વિદ્યાર્થીઓના જીવનને ઉજાળ્યા છે, તે આજે તેના શતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણી કરી રહ્યું છે. આ ઐતિહાસિક અવસર નિમિત્તે, વિદ્યાવિહાર એ એક અત્યંત પ્રેરક અને દૂરંદેશી કાર્યક્રમનું આયોજન કર્યું _

### નામાંકિત પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા હાલના વિદ્યાર્થીઓ માટે મેંટરીગ અંતર્ગત કેરિયર કાઉન્સેલિંગ કાર્યક્રમ

આ કાર્યક્રમ માત્ર એક ઈવેન્ટ નહોતો, પરંતુ એ શાળા અને તેના ભૂતકાળના ગૌરવશાળી વિદ્યાર્થીઓ વચ્ચે એક જીવંત 'શાળા સેતુ' રચનારો પવિત્ર અવસર હતો. આયોજન અને સંચાલન માટે હૃદયપૂર્વકનો ધન્યવાદ!

આ કાર્યક્રમના સફળ સંચાલન માટે રાત-દિવસ મહેનત કરનાર પૂર્વ વિદ્યાર્થીઓની સમિતિને હૃદયપૂર્વક અભિનંદન! આ કાર્યક્રમની વ્યવસ્થા અને સંચાલન એવું અદ્ભુત હતું કે દરેક વિદ્યાર્થીને પોતાના રસ અને ક્ષમતા મુજબના ક્ષેત્રમાં ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન મળી શક્યું. સચોટ સમયપાલન, સુવ્યવસ્થિત સત્રોનું આયોજન, અને નિષ્ણાત પૂર્વ વિદ્યાર્થીઓનો સન્માનપૂર્વક સમાવેશ, આ દરેક પાસાએ કાર્યક્રમને એક નવી ઊંચાઈ આપી.

### 'શાળા સેતુ'ની રચના: જ્ઞાનનું વહેતું ઝરણું

આ કાર્યક્રમનો સૌથી મોટો અને પ્રેરક હેતુ હતો 'શાળા સેતુ'ની રચના. શાળા સેતુ એટલે માત્ર જૂના અને નવા વિદ્યાર્થીઓનું મિલન નહીં, પરંતુ ભૂતકાળના સફળ અનુભવોનું વર્તમાનના આકાંક્ષી વિદ્યાર્થીઓ સુધી વહન. આ નામાંકિત પૂર્વ વિદ્યાર્થીઓએ, જેઓ આજે ડોક્ટર, એન્જિનિયર, ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ, ન્યાયાધીશ, એડવોકેટ, ડિઝાઇન નિષ્ણાત, કલાકાર કે ઉદ્યોગપતિ, વહીવટી અધિકારી અને અન્ય પ્રતિષ્ઠિત હોદ્દાઓ પર બિરાજમાન છે, તેમણે પોતાના વ્યસ્ત સમયમાંથી સમય કાઢીને, હાલના વિદ્યાર્થીઓ સાથે પોતાના જીવનના સંઘર્ષો, સફળતાઓ અને કારકિર્દીના વિકલ્પો વિશે ખુલ્લા મને વાત કરી.

- **પ્રેરણાનો સ્રોત:** મેંટરીગ સત્રોમાં પૂર્વ વિદ્યાર્થીઓએ માત્ર કારકિર્દીના વિકલ્પો જ નહીં, પણ જીવનમાં સાચા મૂલ્યો અને નીતિમત્તાનું મહત્વ સમજાવ્યું.
- **વ્યવહારુ માર્ગદર્શન:** વિવિધ કાર્ય જગતના વાસ્તવિક પડકારો અને તકો વિશેની માહિતીથી વિદ્યાર્થીઓને ભવિષ્યની દિશા નક્કી કરવામાં નક્કર મદદ મળી.
- **નવીનતાનું સિંચન:** ટેક્નોલોજી અને નવા ઉભરતા ક્ષેત્રો વિશેનું ઊંડું જ્ઞાન આપીને તેમને આવતીકાલ માટે તૈયાર કરવામાં આવ્યા.

આ સેતુ થકી, વર્તમાન પેઢીને શીખવા મળ્યું કે શેઠ ચી. ન. વિદ્યાવિહારના પાયામાં સિંચાયેલા સંસ્કાર અને શિક્ષણ કેટલા મજબૂત છે, અને તે કેવી રીતે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા અપાવી શકે છે.

આ શતાબ્દી વર્ષના ઉત્સવમાં, આ 'શાળા સેતુ' રચવા બદલ અમે માર્ગદર્શક પૂર્વ વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ કાર્યક્રમ માત્ર માર્ગદર્શન પૂરતો સીમિત ન રહેતા, શેઠ ચી. ન. વિદ્યાવિહારની ગૌરવશાળી પરંપરાને જીવંત રાખવાનો અને ભવિષ્યની પેઢીને પ્રેરિત કરવાનો એક મજબૂત આધારસ્તંભ બની રહેશે.

શાળા સેતુ અમર રહો ! જય હિન્દ, જય વિદ્યાવિહાર !

**ડૉ. વૈશાલી શાહ**
નિયામક, શેઠ ચી. ન.વિદ્યાવિહાર

**પ્રકાશક:- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળ:- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

# 'વિદ્યાવિહારનું ગૌરવ'



**શ્રી શૈલેશ પારેખ (૧૯૫૮ની બેચ)**

જ્યારે વાતમાં ખાસ કાંઈ કહેવા જેવું ન હોય અને છતાંય તે વાત કહેવાનો આગ્રહ થાય, ત્યારે જે લાગણી અનુભવાય તે જ લાગણી હું અત્યારે અનુભવી રહ્યો છું.

૮૨ વર્ષ પહેલાં મુંબઈમાં મેં પહેલો શ્વાસ લીધો. મુંબઈમાં મારા નાના, પોપટલાલ ગોવિંદલાલ શાહ, તે સમયે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈને ગુજરાત સંશોધન મંડળની સ્થાપના કર્યા પછી તેના સંચાલનમાં વ્યસ્ત હતા. મારા દાદા, ચમનલાલ ગિરધરદાસ પારેખ, અમદાવાદના આગેવાન ઉદ્યોગપતિઓમાંના એક હતા. નાના તરફથી મળેલા સાહિત્ય-સંસ્કારને હું કયાંય સુધી ન્યાય ન આપી શક્યો અને દાદાના વિશાળ ઉદ્યોગ સંકુલમાં મેં ક્યારેય સ્થાન ન લીધું. બીજા વિશ્વયુદ્ધ પછીના ગાંધીજીના ભારતમાં મારું બાળપણ કોઈ પણ સુખી પરિવારના બાળકની જેમ ગુજરાતી માધ્યમની શાળામાં ભણતા ભણતા વીત્યું હતું. પહેલા થોડાં વર્ષો શારદામંદિર -વિનયમંદિરમાં અને પછીના પાંચ વર્ષ વિદ્યાવિહારમાં.

વિદ્યાવિહારની યાદોમાં સૌથી પહેલાં પ્રગટે સૌમ્યભાષી ઝીણાભાઈ, પછી શિસ્તના આગ્રહી દલાલસાહેબ, સ્પષ્ટ ગુજરાતી બોલતા અને અંગ્રેજીમાં નિષ્ણાત વિલિબહેન, ઇતિહાસને સુપથ્ય બનાવતા ભાસ્કરરાવ વિદવાંસ, પ્રાર્થનાને સંગીતમય બનાવતા ભાઈલાલભાઈ, ચિત્રમાં પ્રાણ પૂરતા રસિકભાઈ પરીખ અને બીજાં ઘણાં - જેમણે અમારા બાળમાનસમાં સંસ્કાર સિંચન કર્યું. તદુપરાંત રોજીંદી પ્રાર્થનાસભા, દર બુધવારની સાહિત્યસભા, ગાંધીજયંતી નિમિત્તે થતો અખંડ કાંતણ મહોત્સવ, દર વર્ષે થતી પંચાયતની ચૂંટણી - આ સીમિત જાહેર જીવનમાં હું આગળ પડતો ભાગ લેતો અને તે વખતે સૌથી ઊંચું લાગતું મહામંત્રીનું પદ પણ મેં મેળવ્યું હતું! જાહેર જીવનમાં આ મારો અંતિમ અનુભવ હતો. આ વર્ષોમાં સીંચાયેલા સાહિત્ય-સંસ્કારનાં મૂળિયાં કેટલાં ઊંડા ઊતર્યા હતાં તેનો ખ્યાલ તો મને ૪૫ વર્ષ પછી ઓસ્ટ્રેલિયામાં ફરતા આવ્યો હતો. રંગબેરંગી ફૂલો અને પંખીઓના કલરવથી ઓપતી ત્યાંની વસંત જોતાં જ મને યાદ આવી ગઈ હતી કવિ દલપતરામની કવિતાની ચાર પંક્તિઃ

**રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો;**
**તરુવરોએ શણગાર કીધો, જાણે વસંતે સરપાવ દીધો.**

આમ ૧૧મા ધોરણમાં એસ. એસ. સી.ની પરીક્ષા આપીને હું વધુ અભ્યાસ માટે મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં વિજ્ઞાન પ્રવાહમાં દાખલ થયો. ગુજરાતી સાહિત્ય સાથે મારા સંબંધનો અંત આવ્યો એમ કહી શકાય. બે વર્ષે ઇન્ટર સાયન્સ પૂરું કરીને એક વર્ષ મુંબઈ યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ કેમિકલ ટેકનોલોજીમાં જોડાયો. પછી ચાર વર્ષ અમેરિકાની યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન, કેલિફોર્નિયા અને મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં ભણીને કેમિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર્સની ડીગ્રી લઈને પાછો આવ્યો અને મુંબઈ સ્થિત એસો રિફાઇનરીમાં જોડાયો. ત્યાં ચાર વર્ષ કામ કર્યા પછી ૧૧ વર્ષે અમદાવાદ પાછો ફર્યો. અહીં એફ્લોન એન્જિનિયરિંગ નામના કારખાનાની શરૂઆત કરી જેમાં ટેફ્લોન નામે જાણીતા ઔદ્યોગિક પ્લાસ્ટિકના ઔદ્યોગિક વપરાશના ઉપકરણોનું ઉત્પાદન થાય છે.

પચાસની આસપાસ મારા જીવનમાં આવેલા અણધાર્યા વળાંકને કારણે મારા નિવૃત્ત જીવનમાં નિજાનંદે સમય પસાર કરવા માટેની મહામૂલી પ્રવૃત્તિ મને મળી ગઈ. તે સમયે રવીન્દ્રનાથ ટાગોરની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ મારા હાથમાં આવ્યો અને તેમાંની એક વાર્તામાં આવતો એક ફકરો મને એટલો બધો સ્પર્શી ગયો કે મેં ગુજરાતીમાં ઉપલબ્ધ રવીન્દ્ર સાહિત્ય વાંચવા માંડ્યું. પછી મને મળી રવીન્દ્રનાથની અંગ્રેજી ગીતાંજલિ. તેની કવિતાઓ વાંચતાં વાંચતાં મારી આંખ સામે તેનો ગુજરાતી અનુવાદ દેખાતાં મેં તેને કાગળ ઉપર ઉતારવાનું સાહસ કર્યું. તે જ અરસામાં ગુજરાતીના મૂર્ધન્ય કવિ, નિરંજન ભગત સાથે સંપર્કમાં આવવાનું બન્યું. ખબર પડી કે તેઓ રવીન્દ્ર-અનુરાગી જ નહીં પણ તેમના જીવન અને કવનના અભ્યાસુ હતા. તેમના માર્ગદર્શન નીચે શરૂ થયેલી રવીન્દ્રયાત્રામાં મને જાણવા મળ્યું કે જો રવીન્દ્રનાથના સાહિત્યને તેના પૂર્ણ સ્વરૂપે જાણવું અને માણવું હોય તો તેમને તેમના મૂળ બંગાળીમાં વાંચવા જોઈએ. ત્યાં સુધીમાં કમ્પ્યુટરનો પ્રવેશ રોજિંદા જીવનમાં થઈ ચૂક્યો હતો. એટલે, કમ્પ્યુટરની સહાયથી બંગાળી શીખ્યો અને પછી બંગાળીમાંથી અનુવાદ કરવા માંડ્યો. અનુવાદને અનુસરી લેખન પ્રવૃત્તિ અને પછી રાઈટર્સ વર્કશોપ અને વિશ્વભારતી, કલકત્તા, સાહિત્ય અકાદમી, દિલ્હી, ગુજરાત સાહિત્ય અકાદેમી, ગાંધીનગર, ઝેન ઓપસ, અમદાવાદ, જેવા પ્રકાશકો દ્વારા વીસ ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી અને દ્વિભાષી પુસ્તકોનું પ્રકાશન કર્યું.

નિરંજન ભગત અને બીજા જાણીતા ગુજરાતી સાહિત્યકાર, ભોળાભાઈ પટેલ _ બંનેએ મળીને એક અનૌપચારિક, નામ અને સરનામા વિનાની સંસ્થા, રવીન્દ્રભવનની સ્થાપના કરી. દરેક મહિનાના પહેલા બુધવારે મળીને અમે રવીન્દ્રનાથના જીવન અને સાહિત્ય વિશે વ્યાખ્યાન રાખતા હતા. રવીન્દ્રભવનના ઉપક્રમે સોળથી વધારે વર્ષોમાં અમે બસો જેટલા કાર્યક્રમો કર્યા હશે જેમાં વ્યાખ્યાનો, રવીન્દ્ર સંગીત, પરિસંવાદ, દ્રશ્યશ્રાવ્ય/નાટકની પ્રસ્તુતિ કરી હતી. આ બધામાં અમને ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, સાબરમતી આશ્રમ જેવી સંસ્થાઓનો સહયોગ મળ્યો હતો. અંગ્રેજ કવિ અને રવીન્દ્રવિદ્ વિલિયમ રેદિચિનો સંપર્ક થયો, તેમની મૈત્રી થઇ અને તેમને ત્રણ વાર અમદાવાદમાં સાંભળવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું.

આજે પાછા વળીને નજર નાંખતા મને મારું જીવન સામાન્ય, સરળ અને સંઘર્ષ વિનાનું લાગે છે છતાં હું સંપૂર્ણ સંતૃપ્તિની લાગણી અનુભવું છું. આવી અનુભૂતિનું કારણ સ્વભાવગત, સિંચાયેલા અને કેળવાયેલા સંસ્કાર, સંજોગો, પૂર્વજો, સાથીઓ, વારસો અને પ્રસંગોપાત સંસર્ગમાં આવેલા અનેક સજ્જનો અને સંસ્થાનોના સદ્‌ભાવનો પ્રભાવ હશે તેમ મને લાગે છે. શાળાની શતાબ્દી નિમિત્તે અનેક શુભેચ્છાઓ સાથે ...

અમે નમીએ તને ચિર સાથી સાથી વિદ્યાવિહાર ....

**- શૈલેશ પારેખ**

# શેઠ ચી. ન. વિદ્યાલયની શતાબ્દી અન્વયે કારકિર્દી માર્ગદર્શનનું આયોજન

**તા:૧૫.૧૧.૨૦૨૫ થી તા:૨૮.૧૧.૨૦૨૫ સ્થળ: સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિર**

**સમય : સવારે ૮.૩૦ કલાકથી**

વિદ્યાવિહાર દ્વારા સંસ્થાની પ્રથમ શાળા શેઠ ચી. ન. વિદ્યાલયની શતાબ્દીની ઉજવણી હાલ ચાલી રહી છે. જે અંતર્ગત વિવિધ ક્ષેત્રના નામી પૂર્વ વિદ્યાર્થીઓને બુધવારની સાહિત્ય સભામાં આમંત્રિત કરવામાં આવે છે. શનિવારે વિદ્યાવિહારની જે તે સંસ્થાઓના વડા દ્વારા વિદ્યાવિહારના ઇતિહાસ અંગે વક્તવ્યનું આયોજન કરેલ છે.



આ ઉજવણી અંતર્ગત સૌ પ્રથમવાર તા:૧૫.૧૧.૨૦૨૫થી તા:૨૮.૧૧.૨૦૨૫ દરમ્યાન સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં વિદ્યાલયના વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપવાના પ્રયાસરૂપે એક Career Counselling કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. NEP ૨૦૨૦ અંતર્ગત સૂચવાયેલ હકારાત્મક સુધારાઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવાનો પણ આ આયોજનનો ઉદ્દેશ હતો. વિદ્યાલયના જ વિવિધ ક્ષેત્રના અગ્રણી પૂર્વ વિદ્યાર્થીઓ અને વિવિધ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર તેમજ કોલેજના અધ્યાપકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમના માર્ગદર્શનના અંશો અહીં રજૂ કરવામાં આવેલ છે. પ્રાર્થનામંદિરમાં માર્ગદર્શન પછી વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત સંવાદ થઇ શકે એ માટે તમામ વકતાઓએ માર્ગદર્શન આપ્યું હતું. અને આ પ્રકારના કાર્યક્રમમાં સહભાગી થવા બાબતે આનંદ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રો તરફથી કાર્યક્રમને સુંદર પ્રતિભાવ મળ્યો હતો.

દરેક વકતાઓ દ્વારા તેમના માર્ગદર્શનમાં સમાવિષ્ટ કરાયેલ મુદ્દાઓની નોંધ:

**૧૫-૧૧-૨૦૨૫: તમામ શાખાઓને આવરી લેતી કારકિર્દી માર્ગદર્શનની જાણકારી**

**વક્તાઓ:-**

**ડૉ. શ્રધ્ધા શેઠ ૧૯૯૫ની બેચ (Founder Edu progress Pvt. Ltd.)**

**શ્રી હરેશ પંડ્યા (SPIPA)**

**સમાવિષ્ટ મુદ્દાઓ:**

- ધોરણ ૧૦ પછી અનુસ્નાતક ડિગ્રી સુધીના અભ્યાસક્રમો
- વિવિધ Entrance Exams વિશે વિસ્તૃત જાણકારી
- વિજ્ઞાન પ્રવાહમાં એ અને બી ગ્રુપના અભ્યાસક્રમો, વાણિજ્ય પ્રવાહમાં Fintech, બેન્કિંગ, CFA અને ડેટા એનાલિસિસની જાણકારી
- આર્ટસમાં ડિઝાઇનિંગ, લિબરલ આર્ટસના વિષયો, હોટલ મેનેજમેન્ટ વગેરેની જાણકારી
- આઇ.આઇ.ટી દ્વારા શરૂ થયેલ મેડિકલ ટેકનોલોજીના કોર્સ વિશે વિસ્તૃત જાણકારી



- UPSC જેવી પરીક્ષાઓ આપ્યા બાદ જો સફળતા ન મળે તો હતાશ થયા વગર ભવિષ્ય માટે (વૈકલ્પિક પ્લાન- બી) પણ તૈયાર રાખવા સમજ
- ઇસરો દ્વારા ધો-૯ના વિદ્યાર્થીઓ બાલ વૈજ્ઞાનિકની સીધી પરીક્ષા કઈ રીતે આપી શકે તે બાબતે માહિતી
- એપ્ટીટ્યુડ, સ્કિલ અને નોલેજ આ ત્રણ અગત્યની બાબતોનું મહત્વ
- જીવનમાં હમેશા મૂલ્યોને જાળવીને આગળ વધવાની સલાહ

**૧૭.૧૧.૨૦૨૫ : મેડિકલ -પેરા મેડિકલ ફાર્મસી તેમજ સંલગ્ન શાખાઓ**



**વક્તાઓ:-**

**૧) ડૉ.નિતિશ વોરા (Paediatric Neurologist-૧૯૯૦ની બેચ)**

**૨) ડૉ. વિરલ શાહ (Pulmonologist-૧૯૯૩ની બેચ))**

**૩) ડૉ. સંજીવ પાઠક (Diabetologist-૧૯૮૦ની બેચ)**

**૪) ડૉ. ભાવેશ જેસલપરા ( Orthopaedic ૧૯૯૧ની બેચ)**

**૫) ડૉ. શાલિન શાહ (Dentist -૨૦૦૧ની બેચ)**

**સમાવિષ્ટ મુદ્દાઓ:**

- **'Do what you love. Love what you do'** તથા 'HEALTH & WEALTH' બંનેની જરૂરિયાત અને મહત્વ અંગે સમજ
- NEET, GUJCETની પરીક્ષા વિશે, મેડિકલ માટેની Government, Private, Management quota, NRI Quotaની સીટો તેમજ આ માટે જરૂરી ફીનું ધોરણ, ઉપલબ્ધ તકોની વિગતવાર માહિતી
- મેડિકલની જુદી જુદી શાખાઓ Medicine, Paediatric,

Orthopaedic, Surgical, Gynaecology, ઉપરાંત તેમાં Speciality અને super Specialityની સમજ

- Dentalમાં ૮ સુપર સ્પેશ્યલ કાર્યક્રમ વિશે જાણકારી
- BAMS, BHMS, physio therapy, Hospital management, Veterinary, Nursing, Pharmacy વગેરે મેડિકલ શાખાઓ વિશે વિસ્તૃત સમજૂતી
- વિદ્યાર્થીઓને '**Give Results, Not Reason**' પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

**૧૮.૧૧.૨૦૨૫ - રિસર્ચ (સંશોધન)**



**વકતાઓઃ-**

**૧) આનંદ પાઠક (૧૯૭૮ની બેચ-Ex Dy. Director SAC ISRO)**
**૨) ડૉ. સુમિતેશ સરકાર (Asso. Director & Distinguished Scientist SAC-ISRO)**
**૩)પૂર્વી મડિયા ઝવેરી (૧૯૭૭ની બેચ Scientist IPR)**
**૪)આશિષ સોની (૧૯૯૦ની બેચ-Scientist ISRO)**

**સમાવિષ્ટ મુદ્દાઓ:**

- Scientific Research પર વિવિધ ઉદાહરણો દ્વારા વિસ્તૃત જાણકારી
- મુખ્યત્વે દરેક fieldમાં research થઈ શકે તેની સમજ
- વિવિધ વૈજ્ઞાનિકો ન્યુટન, મેડમ ક્યુરી, મેક્સ પ્લાંક, આલ્બર્ટ આઈન્સ્ટાઈન દ્વારા કરાયેલ સંશોધનની જાણકારી
- હોમી ભાભા, સી.વી.રામન, ડૉ. વિક્રમ સારાભાઈ, જગદીશચંદ્ર બોઝ, શ્રીનિવાસ રામાનુજન એ.પી.જે. કલામ વગેરે દ્વારા વિવિધ ક્ષેત્રે થયેલ પાયાના યોગદાન દ્વારા આધુનિક ભારતના વૈજ્ઞાનિક પરિદ્રશ્યને આકાર આપવાની કામગીરી
- સંશોધનમાં કારકિર્દી બનાવવા માટેની વિવિધ તકો બાબત જાણકારી
- ભારતની વિવિધ Research Institutes જેવીકે PRL, Plasma Research Centre, ISRO, Bhabha Research Centre, Tata Research Institute, C.V Raman Research Centre વિશે માહિતી
- **Discovery, Invention, Research** આ ત્રણ શબ્દોના સૂક્ષ્મ અર્થની સમજ
- સંશોધનના પ્રકારો જણાવી Space Research માં આગળ વધવા પ્રોત્સાહન
- **Interest, Knowledge, Practice & Observation**નું મહત્વ
- વિવિધ ક્ષેત્રે સંશોધનની મદદથી જ વિવિધ શોધો અને આવિષ્કારોને કારણે સરળ બનેલ માનવજીવન
- Researchમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને ડૉ. વિક્રમ સારાભાઈની biography વાંચવાની ખાસ સલાહ

**તા: ૨૦.૧૧.૨૦૨૫: ડિઝાઇન અને આર્કિટેક્ચર ફાઇન આર્ટ્સ -પરફોર્મિંગ આર્ટ્સ**



**વકતાઓ:**

**૧) શ્રી કૃષ્ણા આનંદજીવાલા (૧૯૬૨ની બેચ – આર્કિટેક્ટ Former Din at SID, CEPT Uni.)**
**૨) શ્રી હિરેન પટેલ (૧૯૮૧ ની બેચ – પ્રખ્યાત આર્કિટેક્ટ)**
**૩) શ્રી મનહર કાપડિઆ (પૂર્વ વિદ્યાર્થી ૧૯૮૮ની બેચ અને પૂર્વ આચાર્ય સી.એન. ફાઇન આર્ટ્સ કોલેજ)**
**૪) શ્રી પ્રહર વોરા (પૂર્વ વિદ્યાર્થી ૨૦૦૩ની બેચ – વિઝીટીંગ ફેકલ્ટી H. L. College અને જાણીતા ગાયક)**

**સમાવિષ્ટ મુદ્દાઓ:**

- કલા ક્ષેત્રનો વિશેષ પરિચય. કલા સાથે વિવિધ કલ્ચર તથા ચિત્ર અને તેને સંલગ્ન વિજ્ઞાન વિષય પ્રત્યે રસ દાખવવાની સમજણ
- આર્કિટેક્ચર અને ડિઝાઇન, ફાઇન આર્ટ્સ, તેમજ પરફોર્મિંગ આર્ટ્સ વિશે માર્ગદર્શન
- National Education Policy આવ્યા બાદ દરેક ક્ષેત્રમાં ભવિષ્યમાં કારકિર્દી માટેના અનેક વિકલ્પો અને Job Opportunities વિશે ખૂબ જ વિસ્તૃત માહિતી
- કલા દ્વારા વ્યક્તિની કલ્પનાશક્તિ અને રચનાત્મકતાને ખીલવીને અનન્ય ક્ષમતા પ્રદાન કરવાની સાથે અનોખો વ્યક્તિત્વ વિકાસ.
- આર્કિટેકટમાં સ્નાતક અને અનુસ્નાતક કઈ રીતે થઈ શકાય, ધો. ૧૨ સુધી કયા વિષયો રાખેલ વિદ્યાર્થીઓ આ ક્ષેત્રમાં આગળ વધી શકે, તેની માહિતી તેમજ Meta અને Chat GPT જેવા સર્ચ ઓપ્શનની માહિતી.
- C. N Fine Arts કોલેજમાં ચાલતા ધો. ૧૨ પછીના કોર્સ વિશે અને ભવિષ્યમાં ઉપલબ્ધ વિવિધ તકો વિશે માહિતી
- Performing Arts માં ગાયન, વાદન, નૃત્ય અને નાટ્ય એમ ચાર કલાઓની માહિતી
- ૫ વર્ષના Integrated course માં ૨ વર્ષ - ડિપ્લોમા, ૩ વર્ષ- ડિગ્રી, ૪ વર્ષ- Bachelor in performing Art honours તથા ૫ વર્ષ- Masters in Performing Arts થઈ શકે તેવું મહત્વપૂર્ણ માર્ગદર્શન
- સાથે PHD, GSETના અભ્યાસક્રમ વિશે વિગતવાર માહિતી

**૨૧.૧૧.૨૦૨૫: એન્જીનિયરીંગની વિવિધ શાખાઓ**



**વક્તાઓ:**

**૧) શ્રી ધવલ પૂજારા (૧૯૯૦ની બેચ, Vice Chancellor, Adani University)**

**૨) શ્રી ધવલ વર્તક (Scientist/Engineer - ISRO)**

**૩) પ્રો. પાર્થ રાવલ (Prof. L.D. Engineering, સ્પેશિયલ ડ્યૂટી એડ્મિશન Committee for ACPC)**

**૪) પ્રો. મૈત્રીક શાહ (Prof. L.D. Engineering, Dept. of Computer Engineering)**

**સમાવિષ્ટ મુદ્દાઓ:**

● ક્યારેય અન્ય સાથે પોતાની સરખામણી ના કરતાં પોતાના રસ-રૂચિને ધ્યાને લઈને જ કારકિર્દી પસંદ કરવાની સલાહ. એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓમાં Problem Solving Approach, નવું કરવાની, શોધવાની વૃત્તિ હોવી અત્યંત આવશ્યક

● ISROમાં એન્જીનિયરીંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા અંગે માહિતી

● Admission Processની વિસ્તૃત જાણકારી

● વિદ્યાર્થીઓના ધ્યેય અને રસને સમજાવતી બાબત પર ખૂબ સુંદર માહિતી

● સહુના મતે એન્જીનિયરીંગની કોઈ પણ શાખામાં સખત અને સતત મહેનતની જરૂરિયાત

**૨૨.૧૧.૨૦૨૫- કોમર્સ , ફાઇનાન્સ, કાયદાની શાખાઓ, બિઝનેસ, એન્ટ્રેપ્રિન્યોર**

**વક્તાઓ :-**

**૧) શ્રી નીતિન શુક્લ (૧૯૬૭ની બેચ – Ex CEO-Shell Hazira, Trustee, SAPMT)**

**૨) શ્રી સુનિલ તલાટી (૧૯૬૭ની બેચ – C.A. Former President ICAI )**

**૩) શ્રી સંદીપ શ્રોફ (૧૯૭૭ની બેચ – C.A. Sr. Professor SVGU અને Academic Director CPIPT).**

**૪) શ્રી પ્રેમલ નાણાવટી (૧૯૭૮ની બેચ – Sr. Advocate-Guj. High Court)**

**૫) શ્રી ગૌતમ જોશી (૧૯૭૪ની બેચ – Sr. Advocate-Guj. High Court)**

**૬) શ્રી જીગેન શેરદલાલ (૧૯૮૦ની બેચ – Director, PRSSB)**



**સમાવિષ્ટ મુદ્દાઓ:**

● CA થવા માટે ધોરણ ૧૨ પછી Foundation અને Intermediate પરિક્ષાની જાણકારી

● CA નું પહેલા ૨% હાલમાં ૧૫ થી ૨૦% જેટલું પરિણામ આવે છે તેના નિયમો તથા પગારધોરણ વિશે માહિતી

● CA અંતર્ગત કોલેજની સાથેસાથે થઈ શકે એવા CFP, CWM, CFA, ACCA તથા સ્નાતક થયા પછી CPA, FRA વગેરે અભ્યાસક્રમો વિશે વિસ્તૃત સમજ

● law માં કારકિર્દી બનાવવા માટે corporate legal Adviser, Judicial Judge, Government law officer, Mediations જેવા વિવિધ ક્ષેત્રોની વિસ્તૃત માહિતી

● ધોરણ-૧૨ પછી CLATની Entrance test પાસ કરીને law કરી શકાય નહીં તો સ્નાતક થયા પછી lawની ડિગ્રી મેળવી શકાય તેવી મહત્વપૂર્ણ જાણકારી

● Cyber law જેવા અદ્યતન અભ્યાસક્રમો વિશે જાણકારી

● વિદ્યાર્થીઓને પોતાનું startups શરૂ કરવા તથા તે ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન આપવા પર વિશેષ ભાર સાથે પોતાના વિચારોને અભિવ્યક્ત કરવા આત્મવિશ્વાસ કેળવવાની જરૂરિયાત

● સાંપ્રત સમયમાં advance technologyના ઉપયોગ અને સખત મહેનત સાથે આત્મવિશ્વાસ કેળવીને નિર્ધારીત ધ્યેય ચોકકસપણે સિદ્ધ કરવા પ્રોત્સાહન

**૨૪.૧૧.૨૦૨૫: ધો.-૧૦ પછી ડિપ્લોમા અને વોકેશનલ કોર્સિસ, ન્યુ એજ પ્રોગ્રામ્સ, સ્ટાર્ટઅપ્સ**

**વક્તાઓ:**

**૧) ડૉ. રૂપેશ વસાણી: (વાલી અને Advisor ચી.ન. ટેકનિકલ સેન્ટર, Vice Chancellor Swaminarayan Uni.)**

**૨) ડૉ. શ્રધ્ધા શેઠ (Founder - Edu Progress Pvt. Ltd.)**

**સમાવિષ્ટ મુદ્દાઓ:**

● ૩ વર્ષના Diploma કોર્સ બાદ D2D Common Entrance Test પાસ કરી ૩ વર્ષના degree course વિશે માર્ગદર્શન

● ધો.૧૦ પછી ડિપ્લોમા એન્જીનિયરીંગ, આર્કિટેક્ચર, ડેટા સાયન્સ, મેડિકલ ક્ષેત્રે Lab Technician, X-Ray Technician, Optical Assistant, ECG Technician ITIના Fitter, Turner, welder, Motor vehicle, Drone, Solar panel, Electrician, Graphic Design, Multimedia, Fashion Design તેમજ અન્ય અભ્યાસક્રમોની માહિતી



● Skill based અને Vocational coursesમાં Photography, Videography, Codding, Mobile Repairing, Tally વગેરે અભ્યાસક્રમોની જાણકારી

● GTUમાં Bachelor of Vocationalના ૪ વર્ષના અભ્યાસક્રમો વિશે સવિશેષ માહિતી

● વિદ્યાર્થીઓને stage પર બોલાવી પોતાના રસ અને રુચિ અનુસાર કયું ક્ષેત્ર પસંદ કરવું તે અંગે roll play દ્વારા આપેલ સમજણ

**૨૭.૧૧.૨૦૨૫ આર્ટ્સ અને હ્યુમેનિટીસ**

**વક્તા:**

**શ્રી દિપ્તી શાહ ( ૧૯૬૭ની બેચ- Educator, Public Speaking Mentor)**



**સમાવિષ્ટ મુદ્દાઓ:**

● કોઈ પણ ભાષા શીખવા માટે Reading, writing, Listening, speaking અને Vocabulary learning પર મૂકેલ ભાર

● વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સાથે Reading, Singing, Dancing, Sports, Digital literacy વગેરે શોખ કેળવવા આગ્રહ

● AIનો દુરુપયોગ ન થાય તેની તકેદારી રાખવા સૂચન વિદ્યાર્થીઓને Audio book સાંભળવા, દર મહિને એક બુક વાંચવા, Diary લખવા પ્રોત્સાહન Left brain-language, Reasoning માટે તથા Right brain - Intuition માટે, તેવી તાર્કિક જાણકારી

**૨૮.૧૧.૨૦૨૫ - ડિફેન્સ અને ગવર્નમેન્ટ એકઝામ્સ**

**વકતાઓ:-**

**૧) પ્રકાશ કે. દેસાઇ (Air Marchal, Indian Army )**

**૨) શ્રી હરેશ પંડ્યા (SPIPA)**

**સમાવિષ્ટ મુદ્દાઓ:**

● Defense Servicesમાં જવા માટે દેશ માટે કઈક કરી છૂટવાની ભાવના હોય તો આના જેવું ઉત્તમ કોઈ ક્ષેત્ર નથી કે જે તમને અનન્ય સંતોષ પ્રદાન કરવા સાથે જીવન adventurous બની રહે

● Defenseમાં Airforce, Engineering, Logistics, Legal વગેરે અલગ શાખાઓ તથા Navyની Executive, Education વગેરે શાખાઓ વિશે વિસ્તૃત જાણકારી આ ક્ષેત્રમાં જવા માટે Qualification, Entrance Test, Physical Test, Interview, Salary વગેરે મહત્વપૂર્ણ માહિતી



● ૧૯૭૧ ના ભારત પાકિસ્તાન વચ્ચેના યુધ્ધના સમયે અંબાલામાં સરહદ પરના MIG-29 ના રોમાંચક અનુભવો વિશે જાણકારી.

● દેશની અખિલ ભારતીય સેવાઓ IAS, IPS, IFS, Staff Selection Commission, IRS, વગેરે ઉપરાંત રાજ્ય કક્ષાની GPSC, Railway, Education, મામલતદાર, DEO, TDO વગેરે સેવાઓ વિશે વિશેષ માહિતી.

● Government Servicesની પરીક્ષાઓની તૈયારીમાં Grammar, General Knowledge, Aptitude Test, Reasoning, General Awareness, sports, politics, Constitution વગેરે મહત્વના મુદ્દાઓને ધ્યાને રાખીને અત્યારથીજ તેની તૈયારી કરવા આપેલ પ્રોત્સાહન

ઉપરોક્ત કાર્યક્રમની વિશેષતા એ હતી કે સંસ્થા દ્વારા વિદ્યાલયની શતાબ્દી નિમિત્તે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન અને સંચાલન વિવિધ ક્ષેત્રમાં કાર્યરત એવા સંસ્થાના નામી પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. વિવિધ ક્ષેત્રની નામાંકિત પ્રતિભાઓ તેમજ પૂર્વ વિદ્યાર્થીઓની પેનલ રચીને લગભગ ૯ જેટલા વિવિધ ક્ષેત્રો દ્વારા ધો.-૧૦ અને ૧૨ પછીના તમામ પ્રકારની અભ્યાસની તકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ માટે સંસ્થા પરિવાર વતી સહુનો આભાર વ્યક્ત કરું છું.

**હેતલ મહેતા**

ARO, શેઠ ચી.ન. વિદ્યાવિહાર

# શેઠ ચી.ન. વિદ્યાલય શતાબ્દી ઉજવણી વક્તવ્ય શ્રેણી અંતર્ગત પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા અપાયેલ વક્તવ્યનો સારાંશ

**શ્રી જૈમિન શાહ (૧૯૮૮ની બેચ)**

**બુધવાર : ૧૯.૧૧.૨૦૨૫**

શેઠ ચી.ન. વિદ્યાલયની શતાબ્દી ઉજવણી અંતર્ગત સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં પૂર્વ વિદ્યાર્થી અને Dev Information Technology Ltd.ના CEO & Managing Directorનું વિદ્યાર્થીઓ સાથે સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ વિદેશ ઉપરાંત ભારતમાં પણ હવે IT ક્ષેત્રે ઘણી બધી work opportunities છે તેમજ ભારતમાં સૌથી વધારે IT સેક્ટર ૪૦% મહિલાઓને work opportunities આપે છે તેવી મહત્વની જાણકારી વિદ્યાર્થીઓને આપી હતી. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે '**Always think big**'. કોઈપણ ક્ષેત્રમાં માહિતી અને ટેકનોલોજીની જરૂર પડશે. IT Industry એ કોરોના મહામારી બાદ વિશ્વને ઘણું મહત્વનુ પ્રદાન કર્યું છે. ગુજરાતમાં જ ૧૦,૦૦૦ થી વધુ IT કંપનીઓ છે. IT Industry વર્ષે ૨ લાખ કરોડની revenue generate કરે છે. IT સેક્ટરમાં વર્ષે ૫ કરોડ direct employment છે. અને ૧ job ની પાછળ ૧૦ supporting job હોય છે. આમ ૫૦ કરોડ લોકો directly કે indirectly IT Sector સાથે જોડાયેલા છે. તેઓએ IT Sectorમાં જોડાવા ઉત્સુક વિદ્યાર્થીઓને AI, Cyber Security, Block Chain વગેરેથી update રહેવા ખાસ સૂચન કર્યું હતું. તેઓએ Co-working Spaceમાં infrastructureનું Utilization વધુ થઈ શકે અને એક જ જગ્યાએ ઘણી કંપનીઓ કામ કરી શકે એવી સમજ આપી. જીવનમાં આગળ વધવા માટે ટેકનોલોજીમાં આવતા નવા બદલાવ વિશે સતત update રહેવું ખૂબ જ જરૂરી છે.



અંતમાં તેઓએ વિદ્યાર્થીઓના પ્રશ્નોનાં ઉત્તરો આપી તેમની જિજ્ઞાસાને સંતોષી હતી.

**રાજસ્થાન તેમજ ત્રિપુરાના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ શ્રી અકીલ કુરેશી (૧૯૭૬ ની બેચ)**

**બુધવાર, તાઃ૨૬.૧૧.૨૦૨૫ ભારતનો બંધારણ દિવસ**

શેઠ ચી.ન. વિદ્યાલયની શતાબ્દી ઉજવણી અંતર્ગત તા.૨૬.૧૧.૨૦૨૫ ભારતના બંધારણ દિને સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં શાળાના પૂર્વ વિદ્યાર્થી અને ત્રિપુરા તેમજ રાજસ્થાન હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ શ્રી અકીલ કુરેશીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓએ પોતાના ઉદ્બોધનની શરૂઆતમાં પોતાની સફળતા માટે પોતાના પરિવાર અને શાળાને સવિશેષ મહત્વ આપ્યું હતું. તેઓએ ઉમાશંકર જોશી ની કાવ્યપંક્તિ **''ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા''** નો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આ જ પ્રાર્થનામંદિરમાં તેઓના સર્વાંગી વિકાસની સાથે સાહિત્ય પ્રત્યે રસ કેળવાયો હતો. તેઓએ વિદ્યાર્થીઓને બંધારણનું ઘડતર, તેમાં સામેલ સભ્યો તેનો અમલ વગેરે ઐતિહાસિક માહિતી આપી હતી. તત્કાલિન સમયે બેકારી, ભૂખમરો, ગરીબી, આર્થિક અને સામાજિક અસમાનતાઓ, પ્રાદેશિક ભિન્નતા જેવા અનેક પડકારો ધરાવતા દેશ ભારતમાથી હાલમાં આત્મનિર્ભર ભારત સુધીની સફર વિગતવાર સમજાવી હતી. તેઓએ પૂર્વ પાકિસ્તાનમાંથી લાખો લોકોનું ભારતમાં સ્થળાંતર, ૧૯૭૧માં ભારત-પાક વચ્ચેનું પ્રચંડ યુદ્ધ, બાંગ્લાદેશનો જન્મ, ૧૯૭૬માં તત્કાલિન પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધી દ્વારા દેશમાં લાદવામાં આવેલી કટોકટી વગેરે ઐતિહાસિક મુદ્દાઓની વિસ્તૃત જાણકારી આપી હતી. Prevention Act-૧૯૬૭ જે ગેરકાયદેસર પ્રવૃત્તિઓના સંગઠનને રોકવાનો અધિનિયમ ઉદાહરણ આપી સમજાવ્યો હતો. વિવિધતામાં એકતા ધરાવતા ભારત દેશના બંધારણના ઘડવૈયાઓની કામગીરી કપરી અને ખૂબ જ મહત્વપૂર્ણ હતી. તેઓએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, ''તેઓ હજી નાના છે અને જીવનમાં ભૂલો પણ થશે. મહત્વનુ એ છે કે એક વ્યક્તિ તરીકે, સમાજ તરીકે કે દેશથી થયેલ ભૂલોમાથી શીખ મેળવીને એને સુધારવાનો પ્રયત્ન કે પ્રતિભાવ યોગ્ય હોય તો સફળતા મળે જ છે. એથી 'તમે વિદ્યાર્થીઓ ભવિષ્યમાં દેશહિતને ધ્યાનમાં રાખીને તમારા હક્કો સાથે ફરજો પ્રત્યે પણ જવાબદારીથી વર્તજો''. અંતમાં વિદ્યાર્થીઓએ પૂછેલા વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપી તેમની જિજ્ઞાસાવૃત્તિ પણ સંતોષી હતી.



**કર્નલ નિરવસિંહ ડાભી (૧૯૯૬ની બેચ)**

**બુધવાર, તાઃ૩.૧૨.૨૦૨૫**

શેઠ ચી.ન. વિદ્યાલયની શતાબ્દી ઉજવણી અંતર્ગત સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં કર્નલ નિરવસિંહ ડાભી (૧૯૯૬ની બેચ) દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન કરવામાં આવ્યું હતું. તેઓએ પોતાના ઉદ્બોધનની શરૂઆત સંત કબીરના દોહા **'ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય, બલિહારી ગુરુદેવ કી જીસને ગોવિંદ દિયો મીલાય'** થી કરી હતી. જીવન ઘડતર અને કારકિર્દી ઘડતરનો શ્રેય શાળા અને પરિવારને આપ્યો હતો. તેઓ ધોરણ ૮માં હતા ત્યારે પ્રાર્થનામંદિરમાં આવેલ મહેમાનશ્રીના સંબોધન સમયે જ તેમના મનમાં ભવિષ્યની કારકિર્દી અંગે બીજ રોપાઈ ગયું હતું તેમ તેઓએ જણાવ્યુ હતું. તેઓએ વિદ્યાર્થીઓને Indian Armyમાં Lieutenant Captain, Major, Lieutenant Colonel, Colonel, Brigadier જેવા વિવિધ રેંકની માહિતી આપી હતી. તેઓએ વિવિધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી ચોકકસપણે નિશ્ચિત ધ્યેય પ્રાપ્ત કરી શકાય જેની શરૂઆત stage fear દૂર કરવાથી થશે એમ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. ઉપરાંત તેમના Kargil Posting સમયે થયેલા Operation Vijayના અનુભવો જણાવ્યા હતા. અંતમાં તેઓએ વિદ્યાર્થીઓના પ્રશ્નોનાં સંતોષકારક જવાબો આપી તેમની જિજ્ઞાસાને સંતોષી હતી.

**હેતલ મહેતા**, ARO, શેઠ ચી.ન. વિદ્યાવિહાર

## વર્તમાન પરિસ્થિતિમાં આજનું બાળક

હાલના સમયમાં વિદ્યાર્થીઓમાં હિંસક પ્રવૃતિનું પ્રમાણ સતત વધતું જાય છે. નાની નાની બાબતોમાં મારામારી કરવી, ઉદ્ધત વર્તન કરવું , ખોટું બોલવું , અપમાનજનક શબ્દ બોલવા , માતા પિતા, શિક્ષકો, વડીલો સાથે ઉંચા અવાજે બોલવું, પોતાને જોઈતી વસ્તુઓ માટે જીદ કરવી, મોબાઇલમાં સતત ગેમ રમવી, સોશિયલ મીડિયા પર સતત પ્રવૃત્ત રહેવું જેવી અનેક બાબતો વિદ્યાર્થીઓના સામાજિક ઉછેર પર વિકૃત અસર પાડે છે. માતા-પિતા અને વાલીઓ માટે આવા પ્રશ્નો સતત ચિંતા ઉપજાવે છે. શાળા કક્ષાએ પણ વિદ્યાર્થીઓના વર્તન અંગે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા જોવા મળે છે. પહેલાના સમયમાં ''સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે ધમધમ'' જેવી કહેવત ખૂબ પ્રચલિત હતી. શાળામાં શિક્ષકો અને ઘરે વાલીઓ પણ પોતાના બાળકોને શિક્ષા કરતા. તેના ફાયદા પણ હતા અને ગેરફાયદાઓ પણ હતા.

મનોવૈજ્ઞાનિકોના મતે બાળકને શિક્ષા કરવાથી તેનો માનસિક વિકાસ રૂંધાય છે. આ વાત તદ્દન સાચી છે, તેમના અભ્યાસોને આધારે સરકારશ્રી તરફથી પણ બાળકોને તદ્દન શિક્ષા ન કરવાના પરિપત્રો થયા. જેનાથી શિક્ષકોના હાથ બંધાઈ ગયા. વાલીઓ પણ શિક્ષકે કરેલ શિક્ષાનો સતત વિરોધ કરવા લાગ્યા. શિક્ષકોએ શિસ્ત બાબતે પોતાની જવાબદારી છોડવા માંડી અને માત્ર પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસક્રમ જ પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા. કારણકે 'નોકરી કોને ગુમાવવી ગમે?' ધીરે ધીરે ' મારે શું? ' ની વિચારધારાએ જોર પકડ્યું.

આચાર્ય, શિક્ષકો અને સંચાલક મંડળે પણ શાળાકીય પરિણામો (માત્ર માર્ક્સ) પર ધ્યાન કેન્દ્રિત કરી વર્ગ-ઘટાડા ન થાય, શિક્ષકો ફાજલ ન પડે, સંખ્યા ન ઘટે તે દિશામાં વિચારવા લાગ્યા. શાળામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં ૩૦% થી ઓછું પરિણામ આવે તો ગ્રાન્ટ કપાય, શિક્ષકોની અનિયમિત ભરતી પ્રક્રિયાને કારણે સારી ગણાતી શાળાઓમાં પણ શિક્ષણ કથળ્યું.

ઉપરોક્ત પ્રશ્નોને કારણે વાલીઓ, શિક્ષકો ઉપર તથા શિક્ષકો, વાલીઓ પર દોષારોપણ કરી સંતોષ મેળવી લે છે. પરંતુ બાળકને સમજવાનો યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવતો નથી. શાળા કક્ષાનાં વિદ્યાર્થીઓમાં બનતા વર્તણૂક આધારિત બનાવો વાલીઓ, શાળા અને સમાજ માટે ખૂબ જ ચિંતાજનક છે. માતા-પિતા બાળકને શાળામાં પ્રવેશ અપાવે ત્યારથી તે બાળક માત્ર માતા-પિતાનું ન રહેતા શાળાનું પણ બની જાય છે.તેના જીવન ઘડતરમાં ઘરની સાથે શાળાની પણ ભૂમિકા રહે છે. સયુકત કુંટુંબમાં ઘરના તમામ સભ્યોનાં અલગ અલગ યોગદાનથી બાળકોનો ઉછેર થાય છે. આજે વિભક્ત કુટુંબનું પ્રમાણ સતત વધતું જાય છે અને માતા પિતા બંને આર્થિક ઉપાર્જન માટે કાર્ય કરતા હોવાથી બાળક પાછળ યોગ્ય સમય ફાળવી શકતા નથી. બાળક-શિક્ષક-વાલી વચ્ચે તંદુરસ્ત સંવાદ પણ અટકી ગયેલ છે. બાળક પણ એકલવાયુ રહેવાથી અમુક સમસ્યાઓથી મૂંઝવણ અનુભવી ખોટા માર્ગે દોરવાતું હોય છે. શાળામાં આવતા બાળકોમાં કેટલાકને નવા વાતવરણમાં અનુકુલન સાધતા થોડો સમય લાગે છે. ત્યારે શિક્ષકની ભૂમિકા વિશેષ રહે છે.

આ તમામ પ્રશ્નોની વચ્ચે વિદ્યાર્થીઓના અભ્યાસની સાથે ઘર, શાળા કે સમાજ પાસેથી મળતું મૂલ્ય શિક્ષણ ક્યાંક ખોવાઈ ગયું છે. મનુષ્યના જીવનનો પાયો શિક્ષણ છે. સારા શિક્ષણના અભાવને કારણે મનુષ્યને સારા-નરસાનું ભાન રહેતું નથી અને અંતે તે સમાજ માટે દુષણરૂપ બની જાય છે. વાલી-શાળા-સમાજ-સરકારશ્રી સાથે મળીને માર્કસ આધારિત શિક્ષણને બદલે મૂલ્યઆધારિત શિક્ષણ પર ભાર મુકાય તેવા આયોજન કરે તો કદાચ ઉપરોક્ત પ્રશ્નોના ઉકેલ મળી શકે.

**હિતેન્દ્ર ત્રિવેદી**, નિયામક,
શેઠ ચી.ન.વિદ્યાવિહાર (ગુજરાતી માધ્યમ શાળાઓ)

## શેઠ ચી.ન. માર્ગદર્શન કેન્દ્ર દ્વારા અવરોધ નિવારણ કાર્યક્રમ

**માનસિક/ભૌતિક અવરોધ દૂર કરવા માટેની શિબિર**



વિષય : ''સ્વસ્થ મન સ્વસ્થ જીવન'' તેથી તમારા ધ્યાનભંગના ચક્રને તોડો
કેન્દ્રબિંદુ: અડચણરૂપ બનતી ટેવોને સારી ટેવોમાં બદલી અને આત્મ-નિયંત્રણ કરતાં શીખવું


શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના ધોરણ ૭ અને ૮ ના લગભગ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને લઈને ૧૫ દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એ વિદ્યાર્થીઓ હતા કે જેઓને તેમના કામ (અભ્યાસ અને ઈત્તરપ્રવૃતિ)માં અડચણો દૂર કરવા હતા.

આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાથીઓ માટે અડચણો દૂર કરી ને સારી બાબતો વિકસાવવાનો હતો. તે માટે વિદ્યાર્થીઓ સાથે વિવિધ પ્રવૃતિઓ જેવીકે, Reflection draw before distractions, letter to future me, habit monster, distraction alarm, focus game, stretching, meditation, વગેરે પ્રવૃતિઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી હિતેન્દ્ર ત્રિવેદી, (નિયામકશ્રી, ગુજરાતી માધ્યમ શાળાઓ) એ પ્રાર્થનાસભા દરમ્યાન વિદ્યાર્થીઓને મોબાઈલ, ટી.વી., ગુસ્સો, આળસ વગેરે વિશે માર્ગદર્શન આપ્યું હતું, આ બાબતો, વિદ્યાર્થીઓને તેમના ધ્યેયથી દૂર રાખે છે, અને તેનાથી કઈ રીતે દૂર રહેવું જોઈએ અથવા તો દૂર કરી અને જીવનમાં આગળ વધી શકાય, તે વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ શિબિરના અંતમાં, લગભગ મોટાભાગના વિદ્યાર્થીઓએ કહ્યું કે તેઓના ડિસ્ટરેકશન ઓછા થઈ ગયા છે, અને જે સમય બચે છે તેમાં તેઓ બહાર રમવા જાય છે, પુસ્તકો વાંચે છે, હોમવર્ક કરે છે અને ડ્રોઈંગ કરવાનો સમય પણ મળે છે. વિદ્યાર્થીઓ માટે આ શિબિર આનંદદાયક અને માહિતીસભર બની રહી. પ્રવૃતિલક્ષી શિબિરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને તેમના ધ્યેય પ્રત્યે હકારાત્મક વલણ અપનાવતા કર્યા. આનંદની વાત એ છે કે વિદ્યાર્થીઓ કોઈ કારણસર આ શિબિરમાં ભાગ નહોતા લઈ શક્યા, તેઓએ આ શિબિરના આયોજન માટે અનુરોધ કર્યો છે.

**ડૉ ગીતા ડોડિઆ**, કાઉન્સેલર,
કાઉન્સેલિંગ સેન્ટર, શેઠ ચી.ન. વિદ્યાવિહાર

# રવીન્દ્રનાથ ટાગોર

રવીન્દ્રનાથ ટાગોરનું નામ સાહિત્ય, સંગીત અને શિક્ષણના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાયેલું છે. તેઓને વિશ્વકવિ તરીકે ઓળખવામાં આવે છે. તેમનો જન્મ ૭ મે ૧૮૬૧ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતામાં એક સમૃદ્ધ અને સંસ્કારી પરિવારમાં થયો હતો.



તેમના પિતા દેવેન્દ્રનાથ ટાગોર પ્રખ્યાત સમાજસુધારક હતા. બાળપણથી જ રવીન્દ્રનાથનું મન કલા અને સાહિત્ય તરફ આકર્ષાયું હતું. રવીન્દ્રનાથ ટાગોરે કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ અને નાટકો જેવી વિવિધ સાહિત્યિક શૈલીઓમાં અવિસ્મરણીય રચનાઓ કરી. તેમની રચનાઓમાં જીવન, કુદરત, પ્રેમ, આધ્યાત્મિકતા અને માનવતા જેવા વિષયોનું ઊંડું દર્શન જોવા મળે છે. તેમની પ્રસિદ્ધ કાવ્યકૃતિ ''ગીતાંજલી'' માટે તેમને ૧૯૧૩માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળ્યો હતો. આ ગૌરવ મેળવનારા તેઓ પ્રથમ એશિયાઈ બન્યા હતાં. તેમણે ''ઘરે-બાહિરે'', ''ગોરા'', ''ચોખેર બાલી'' જેવી નવલકથાઓ અને નાટકો લખ્યા. ટાગોરની સાહિત્યકૃતિઓમાં ભારતીય સંસ્કૃતિનો સુગંધ અને માનવ જીવનના ઊંડા સત્યોનો અનુભવ થાય છે.

રવીન્દ્રનાથ ટાગોર માત્ર કવિ જ નહોતા પરંતુ એક ઉત્તમ સંગીતકાર પણ હતા. તેમણે લગભગ ૨૦૦૦ કરતાં વધુ ગીતોની રચના કરી જેને ''રવીન્દ્ર સંગીત'' તરીકે ઓળખવામાં આવે છે. આ ગીતોમાં રાષ્ટ્રપ્રેમ, ભક્તિ, પ્રેમ અને કુદરતનું અનોખું સંગમ જોવા મળે છે. તેમણે ચિત્રકળામાં પણ હાથ અજમાવ્યો હતો. તેમના ચિત્રો આજે પણ કલા-જગતમાં પ્રસિદ્ધ છે.

ટાગોર માનતા હતા કે સાચું શિક્ષણ ફક્ત પુસ્તકોમાં નહીં પરંતુ કુદરત અને જીવન સાથે જોડાયેલું હોવું જોઈએ. આ વિચારને સાકાર કરવા માટે તેમણે શાંતિનિકેતન નામની શૈક્ષણિક સંસ્થા સ્થાપી, જે આગળ જઈને વિશ્વભારતી યુનિવર્સિટી બની. અહીં વિદ્યાર્થીઓને મુક્ત વાતાવરણમાં, કલા અને પ્રકૃતિની નજીક રહીને શિક્ષણ આપવામાં આવતું. રવીન્દ્રનાથ ટાગોરની કલમે લખાયેલા ગીતો આજે પણ રાષ્ટ્રની ઓળખ છે. ભારતનું રાષ્ટ્રગીત ''જન ગણ મન'' અને બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત ''આમાર સોનાર બાંગલા'' તેમના દ્વારા રચાયેલ છે. આથી તેઓ એકમાત્ર એવા કવિ બન્યા છે જેમણે બે અલગ-અલગ દેશોના રાષ્ટ્રગીતો લખ્યા.

૭ ઑગસ્ટ ૧૯૪૧ના રોજ તેમનું નિધન થયું, પરંતુ તેમનું સર્જન અને વિચારો આજે પણ જીવંત છે. તેમની કવિતાઓ અને ગીતો માનવતાની સુગંધ ફેલાવે છે. ટાગોરનું જીવન આપણને શીખવે છે કે સાહિત્ય અને કલા એ માનવજાતને એકતામાં બાંધવાની શક્તિ ધરાવે છે.

રવીન્દ્રનાથ ટાગોર માત્ર એક કવિ નહોતા, પરંતુ તેઓ કવિ, ચિંતક, શિક્ષક, સંગીતકાર, ચિત્રકાર અને ફિલોસોફર હતા. તેમણે વિશ્વને બતાવ્યું કે સત્ય, કલા એ માનવતા અને પ્રેમનું પ્રતિબિંબ છે. ટાગોરનું જીવન અને સર્જન સદીઓ સુધી આપણને પ્રેરણા આપતું રહેશે.

**મિતેષ જે. પટેલ**, અધ્યાપક
શેઠ ચી.ન. તાલીમી વિદ્યાલય

# વડલા વન - સી.એન.વિદ્યાવિહાર કેમ્પસ માટે એક નવલું સપનું



એકાદ મહિના પહેલા ''આબાદ અમદાવાદ'' ગ્રુપ અને ''ચી ન. વિદ્યાવિહાર વૃક્ષપ્રેમી'' ગ્રુપના ઉપક્રમે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી આંબાવાડીના મુખ્ય રસ્તા ઉપરથી મુળિયા સમેત કાઢીને એક વડલો અને એક પીપળ ચી. ન. વિદ્યાવિહારમાં transplant કરેલ છે. Transplant કરતા પહેલા કાપવી પડેલી વડલાની ૯૦-૧૦૦ ડાળીઓની ચી. ન. વિદ્યાવિહારની નર્સરીમાં યોગ્ય જાળવણી થઇ રહી છે જેમાંથી એક વિશાળ વડલા-વન ઉભું કરી શકાશે. આવું વડલા-વન કદાચ ગુજરાતમાં પ્રથમ હશે. ઉપરાંત કોઈ શાળા દ્વારા આવું લાંબા ગાળાનું ઇચ્છનિય વૃક્ષારોપણ અને વૃક્ષસંવર્ધનનું કાર્ય પહેલી વાર જ હશે.

દાયકાઓ પછી આ વડલાવનના અનેક લાભ થશે. અસરકારક પર્યાવરણ સુધારણા તરફી પગલું હોવા ઉપરાંત આ વડલા-વન પ્રદુષણ ઘટાડવામાં મદદ કરશે. પક્ષીઓ માટેના રહેઠાણ ઉપરાંત આ વડલાઓની ઠંડક નીચે નાના બાળકો માટે પ્રાકૃતિક શાળા (દા. ત. ટાગોર નિર્મિત શાંતિનિકેતન) અને અનેકવિધ બિનખર્ચાળ પરંતુ વિસરાઈ રહેલી રમતો (કબ્બડી, ખો ખો, લંગડી, લખોટી, કોથળાદોડ વગેરે) રમાતી હોય તેવી આશા પણ રાખી શકાય. સારા નાગરિકો બનવાની સાથે સાથે પ્રકૃતિને વિદ્યાર્થીઓ સાથે સાંકળવા માટેનાં આ પગલા દ્વારા ચી. ન. વિદ્યાવિહારની એક સદીથી ચાલી આવતી શિક્ષણ પરંપરામાં એક અનન્ય પીંછું ઉમેરાશે.

વડલા વન માટે સારું સ્થળ શોધીને તેનું આયોજન કરવા માટે ચી. ન. વિદ્યાવિહાર તૈયાર છે અને આ વડલા વનની સર્વાંગિણ કાળજી લેવા માટે ''સી એન વૃક્ષ પ્રેમી'' ગ્રુપ સંપૂર્ણ સાથ આપવા કટિબદ્ધ છે.

ચી. ન. વિદ્યાવિહાર વૃક્ષપ્રેમી ગ્રુપ વતી
**સમીર શાહ, શિલ્પીન મજમુદાર, કનુ પટેલ, એલ એન પટેલ, ગીરીશ ઠક્કર, પ્રફુલ્લ ગાંગલ, તેજસ શાહ, હર્ષિત દલાલ, એલેક્ષ અલ્યુરી, નિર્મમ શાહ, નીલેશ શાહ.**

## ધો.૯ અને ૧૦માં અભ્યાસ કરતાં IT વિષય લીધેલ વિદ્યાર્થીઓ માટે Dev Information Technology Ltd. India (DEV IT)ની મુલાકાતનું આયોજન તા:૧૦ થી ૧૨ નવેમ્બર ૨૦૨૫



NEP ૨૦૨૦ (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦) ધોરણ ૯ અને ૧૦ માં કૌશલ્ય આધારિત શિક્ષણ (Skill-Based Education)ને પ્રોત્સાહન આપે છે, જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવાનો છે, જેમાં Vocational Course (વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ) પસંદ કરી શકે, જેમાં કોમ્પ્યુટર, મીડિયા, હોસ્પિટાલિટી, ફેશન, હેલ્થકેર જેવા ઘણા ક્ષેત્રોનો સમાવેશ થાય છે, જેથી તેઓ માટે માત્ર પુસ્તકીયા જ્ઞાનને બદલે વ્યવહારુ કૌશલ્યો અને કારકિર્દીના વિકલ્પો વિસ્તૃત થાય.

સાંપ્રત સમયમાં IT ના વધતાં મહત્વને અનુલક્ષીને ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને આ વિષય ફાળવવામાં આવ્યો છે. આ કોર્સમાં થિયરીની સાથે પ્રેક્ટિકલ જ્ઞાન અને Hands-on training પર ભાર મૂકવામાં આવે છે. આ ફિલ્ડમાં કારકિર્દી માટેની તકો વગેરેની માહિતી પ્રત્યક્ષ સમજી અને જોઈ શકે માટે વિદ્યાર્થીઓને IT Industryની મુલાકાત લેવાની હોય છે.

વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી શ્રી જૈમિન શાહ (૧૯૮૮ની બેચ) કે જેઓ - CEO & Managing Director -Dev Information Technology Ltd, India & DevX-Co-Chairman, ASSOCHAM Gujarat -Sr. Vice President, TiE Ahmedabad જેવા પદે કાર્યરત છે. DEV IT ના સહયોગથી Alumni Relation Office દ્વારા વિદ્યાલયના ધોરણ ૯ અને ૧૦ના લગભગ ૧૮૦ વિદ્યાર્થીઓ માટે તા. ૧૦ થી ૧૨ નવેમ્બર એમ ૩ દિવસ Dev Information Technology Ltd, Indiaની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ તરફથી આ મુલાકાતના ઘણા સુંદર પ્રતિભાવ મળ્યા છે. વિદ્યાર્થીઓને કંપનીના કર્મચારીઓ તરફથી IT સંબંધિત પ્રાથમિક માહિતી આપવા સાથે શાળા કક્ષાએ રાખેલ IT વિષય એન્જીનિયરિંગમાં ભવિષ્યમાં ક્યાં ઉપયોગી થશે તેની જરૂરી માહિતી આપી હતી. ભારતમાં IT કંપનીઓ વાર્ષિક બે લાખ કરોડનો બિઝનેસ કરે છે. ભારતમાં સૌથી વધારે IT સેક્ટર ૪૦% મહિલાઓને work opportunities આપે છે તેવી મહત્વની જાણકારી વિદ્યાર્થીઓને આપી હતી. તેઓએ બિઝનેસની સમજ આપતા વિદ્યાર્થીઓને CO-WORKING SPACE - STARTUP જેવા શબ્દોથી માહિતગાર કર્યા હતા. IT ક્ષેત્રના વિદ્યાર્થીઓને AI, Cyber security, block chain વગેરે ક્ષેત્રથી અપડેટ રહેવા સૂચન કર્યું હતું. Skill-Based Education અંતર્ગત વિષયો રાખનાર વિદ્યાર્થીઓને મેળવેલા કૌશલ્યો માટે ક્રેડિટ (ગુણ) આપવામાં આવે છે, જે ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીમાં પણ મદદરૂપ થાય છે. આ પ્રકારની Industry Visit વિદ્યાર્થીઓને IT ક્ષેત્રે ભવિષ્યમાં કારકિર્દી બનાવવા માટે મદદરૂપ બની શકે.

**હેતલ મહેતા,** ARO, શેઠ ચી.ન. વિદ્યાવિહાર

## Vishisht Varg Parent Orientation Programme



A Parent Orientation Programme was organised on 15/11/2025 at Prarthana Mandir. The programme was conducted for parents who were seeking admission for their children in the Nursery classes of Sheth C.N. English Medium School (Vishisht Varg).

The orientation aimed to familiarise parents with the school's vision, mission, and educational approach. Parents were informed about how the school fosters a love for learning, encourages critical thinking, and nurtures a sense of social responsibility among children. Emphasis was laid on the importance of a child-friendly, safe, and stimulating learning environment.

Parents were also encouraged to actively participate in their child's learning journey, maintain regular communication with teachers, and support their child's overall growth and development. The programme provided insights into the school's bilingual pedagogy, school philosophy, daily routines, and teaching–learning practices.

The session concluded with an interactive discussion where parents' queries were addressed, helping them gain clarity and confidence regarding the school system. Overall, the orientation programme was informative and helped build a positive connection between the school and parents.

**Seema Shah**
Director, CNEM V.V.

## કલારવિ ટ્રસ્ટ દ્વારા ચી.ન. અરણ્યમાં પેઇન્ટિંગ કોમ્પિટિશન

૨૨-૨૩ ડિસેમ્બર ૨૦૨૫



ચી. ન. કલા મહાવિદ્યાલય દ્વારા વિદ્યાવિહાર પરિસર પરના રમણીય એવા અરણ્ય ખાતે એક પેઇન્ટિંગ કોમ્પિટિશનનું આયોજન થયું. આ કોમ્પિટિશનનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. કલા અને કલા શિક્ષણના ક્ષેત્રમાં કલાગુરુ રવિશંકર રાવળનું ખૂબ મોટું યોગદાન છે.તેઓની સ્મૃતિમાં કલારવિ ટ્રસ્ટના સૌજન્યથી આ કોમ્પીટીશનનુ આયોજન કરાય છે. જેમાં દર વર્ષે વિવિધ પ્રકારની રસપ્રદ થીમ રાખવામાં આવે છે. આ વર્ષે આ કોમ્પિટિશન માટે તેઓને ૧)રવીન્દ્રનાથ ટાગોરનું વ્યક્તિત્વ અને કલા શૈલી અને ૨) પ્રકૃતિ. આ વિષયો આપવામાં આવ્યા અને તે અંગે સમગ્ર કોલેજના વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી.આ વિષયોને જ અનુરૂપ એવું માધ્યમ હેન્ડમેડ પેપર અને ઇન્ક રાખવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ પ્રકૃતિના અર્કને અરણ્ય ખાતે ખૂબ માણ્યો અને પોતાના સર્જનોમાં ઉતાર્યો. આ સ્પર્ધામાં લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.આગામી દિવસોમાં વિશિષ્ટ કલાકાર નિર્ણાયકગણ દ્વારા ઈનામ માટે કૃતિઓ પસંદ કરવામાં આવશે. તથા સંસ્થાની આર્ટ ગેલેરીમાં તેનું પ્રદર્શન યોજાશે.

## શેઠ ચી.ન. કલા મહાવિદ્યાલયમાં સ્ટીલ લાઈફ ચિત્રકલા પ્રદર્શન



શેઠ ચી. ન. કલા મહાવિદ્યાલયમાં કલાના શિક્ષણ માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થાય એવું પ્રદર્શન યોજાઈ ગયું. 'સ્ટીલ લાઈફ 'ચિત્રકલામાં આ વિષય સદીઓથી વિશ્વના કલાકારોનો પ્રિય વિષય રહ્યો છે. સંસ્થામાં વીઝીટીંગ ફેકલ્ટી તરીકે જોડાયેલ કમલેશ ગજ્જરના પ્રયત્નો વડે આર્ટ કનેક્ટ ગ્રુપના કલાકારોએ સર્જેલ સ્ટીલ લાઈફની કૃતિઓનું પ્રદર્શન ખૂબ જ જોવાલાયક હતું.આ વિષયમાં રોજિંદા જીવન સાથે જોડાયેલ વસ્તુઓને તેની વાસ્તવિકતા અને તેની ખાસિયતો સાથે રજૂ કરવાનો કલાકારો પ્રયત્ન કરતા હોય છે.આ ચિત્રોમાં છાયા પ્રકાશનો રોલ અગત્યનો બની રહે છે. જેના દ્વારા સપાટી ઉપર ડાયમેન્શન અને અવકાશની રમત રમાય છે. આ પ્રદર્શનમાં ૪૦ થી વધુ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી.કલાકારોએ પોતાના કૌશલ્ય દ્વારા આકારો પદાર્થોને આબેહૂબપણે આલેખ્યા હતા. રંગો અને શેડિંગની માવજત કૌશલ્યપૂર્વકની હતી. પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે વિદ્યાવિહારના નિયામકડૉ. વૈશાલી શાહ અને અન્ય કલાકારો પણ ઉપસ્થિત રહ્યા હતા

## શેઠ ચી.ન. કલામહાવિદ્યાલયમાં પુસ્તક પરિચયનો કાર્યક્રમ

બુધવાર, ૩જી ડિસેમ્બર ૨૦૨૫



તાઃ ૩ ડિસેમ્બરના રોજ શેઠ ચી.ન. કલા મહાવિદ્યાલયમાં પુસ્તક પરિચયનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. ગુજરાતના દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવનાર કલાકાર ભુપેન ખખ્ખર વિશે એક આત્મકથનાત્મક પુસ્તક ગુજરાતી ભાષામાં છે જેના લેખક શ્રી બીરેન કોઠારી, સંપાદક અમરીશ કોન્ટ્રાક્ટર,વડોદરા ખાતેની પ્રખ્યાત સર્જન આર્ટ ગેલેરીના સ્થાપક શ્રી હિતેશ રાણા, વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ ઉપરાંત જાણીતા કલાકાર અમિત અંબાલાલ આ પ્રસંગે સંસ્થામા ઉપસ્થિત રહ્યા. ભુપેન ખખ્ખરના ચિત્રોની કથનાત્મક શૈલી 'બરોડા સ્કૂલ ઓફ આર્ટ' તરીકે ઓળખાઈ અને વિશ્વભરમાં પ્રસિદ્ધી પામી. ભુપેન ખખ્ખરે મધ્યમ વર્ગના આધેડ વયના માનવીનું જીવન, તેની મનોદુનિયા, ઈચ્છાઓ, રોડ સાઈડના દ્રશ્યો, જેવા વિષય વસ્તુને પોતાની કૃતિઓમાં સરળ અને પોપ્યુલર એવી શૈલીમાં રજૂ કરી. આધુનિક ભારતીય કલામાં આ એક ક્રાંતિકારી પગલું હતું. તેઓને વિશ્વભરમાં ખૂબ જ નામ અને દામ મળ્યા છે. આમસ્ટરડેમ ખાતેનો પ્રિન્સ ક્લોસ એવોર્ડ સહિત અનેક માન સન્માન મળ્યા છે. ભારત સરકાર તરફથી તેઓને **પદ્મશ્રી** પણ એનાયત થયો છે. તેઓનું જીવન અને કલાયાત્રા આ પુસ્તકમાં વર્ણવાઈ છે. લેખક સાથે કલામહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ સંવાદ પણ કર્યો. સંસ્થાના આંગણે આવો પુસ્તક પરિચયનો કાર્યક્રમ યોજાય અને લેખક સંપાદક સાથે ચર્ચા થાય એ ઘણી જ આનંદપ્રદ રહી.

**ગાયત્રી ત્રિવેદી,** અધ્યાપિકા, શેઠ ચી.ન.કલા મહાવિદ્યાલય

## CN Under-14 and Under-19 teams become Runners-up



Two CN School cricket teams, players on which are drawn from Bal Vidyalaya, Kishre Vidyalaya, Vidyalaya and CN English medium schools, became Runners-up in the cricket tournament organized by Central Board of Cricket Ahmedabad (CBCA) during August to December 2025. It is after a gap of 8 years that CN Under-14 team reached the final stage. The players played exceptionally well in the semi-final match. The Under-19 team also became the Runners-up from which four players have been invited for selection camp conducted by the CBCA. If selected further, they have the opportunity to play on the Gujarat state Under-19 team.

## CNSA Hosts 6-a-side Hockey Tournament for CN School Students



Five CN School Hockey Teams were divided and regrouped for a two-day 6-a-side tournament on 26-27 December 2025 conducted at CNSA's Hockey field. Each team consisted of seven boys and two girls each; players took turns to play on the assigned team at every stage of the league. The objective of the tournament was encourage the students to play more hockey and also give them good competitive exposure.

The tournament was played on a League-cum-knock-out format, the teams were distributed in to two pools and the top two teams from each pool qualified for the knock-out stage. The teams were named 1) Rising Dashers, 2) Tricolor Strikers, 3) Dynamic Panthers, 4) Victory Warriors, 5) United Blazers and 6) Goal Crushers.

United Blazers defeated Victory Warriors by 3-1 to win the 2nd Runner Up position whereas Tricolor Strikers clinched the 1st position after defeating Rising Dashers in an exciting Final match by 6-5. Winning teams were awarded with medals and a few players were awarded special trophies by former India Hockey Player Shri Pramod Kumar and Ms. Trupti Raval, Director, CNSA.

Shruti Prajapati of C. N. Kishore Vidyalaya and Kheelav Avashiyaf CNEM were awarded the Promising Players, whereas Heer Joshi and Dhruv Parikh, both students of Kishore Vidyalaya were awarded Player of the Final Match trophies.

## CNSA Gymnasts Become Youngest Women Judges

Two CNSA gymnasts Diya Thakore and Soha Parikh, both nationally acclaimed gymnasts became the youngest women to become Category 4 International judges for Artistic Gymnastics. They appeared for an online international judging exam where Soha scored 96% in difficulty and 85.5% in execution whereas Diya secured 95% in difficulty and 90.5% in execution. With this qualification, Soha and Diya will have the opportunity to be invited to national and international competitions as judges. Earlier this year, Soha and Diya topped the national level judging course which was conducted in New Delhi, which qualified them to appear for the international exams.



## CNSA Hosted Intra-Academy Football Tournament

Known as CNSA Sharpshooters, more than 100 footballers of CNSA participated in a three-day football tournament conducted during December 2025. The under-8 category played in the 3-a-side format, whereas the under-10 and under-12 categories played in the 5-a-side format and Under-14 played the 7-a-side format. The students played entirely without coaching guidance as during the matches, the coaches stepped back and let them make their own decisions. This independence forced players to communicate, lead one another, and solve problems on the fly.



It was a proud moment for the coaches to see them take full ownership of their game.

All players received Certificate of Participation, the first two winning teams received medals and special prizes were also given to encourage good talent and hardworking players. Kiyaan Doshi, Std 1 student of CN. English Medium School was awarded the Best Goal Keeper in the Under-8 category.

## CNSA Coach Hairsh Chandera clears Level 2 Certification



Artistic Gymnastics Head Coach at CNSA Harish Chandera cleared the Level 2 Certification for coaches held at Japan in November 2025 which is part of the International Federation for Gymnastics (FIG) Academy Diploma Programme. Harish cleared the Women's Artistic Gymnastics Level Programme with 86%, the highest ever by any coach from India.

## Sporting Achievements at CN Schools



From the Sheth C.N English Medium School (Vishisht Varg), Hamid Nahidaehmad Imam a won gold medal in the Under-10 category at an Inter-school competition organised by Lions Sports Academy at Shreyas foundation. At the same event, Hriaan Abhinav Gundani secured gold medal in Mix Relay Race and Silver Medal in Freestyle Swimming. Musa Nahidaehmad Imam secured a Bronze medal for skating in the under 6 category whereas Ishani Trivedi secured Gold medal in Roller Skating at the same event. Ishani Trivedi participated in a few other Skating competitions in which she reached the semifinal stage. She also won Gold medal in 500 metres skating at Sansad Cup 2025.

## CN School Hockey Teams Shine at Khel Maha Kumbh

CN Schools fielded 5 Hockey teams at Khel Maha Kumbh Competition this year – 3 from Kishore Vidyalaya and 2 from CN English Medium School. The Under-17 Boys Team and Under 14 Girls Hockey Team from Kishore Vidyalaya won in the city-level Tournament and qualified for zone level play-off which was held at Aravalli. The Under-14 Boys team of CNEM secured 3rd place at city level. The other teams including Under-14 boys team from Kishore Vidyalaya and the Under 17 Boys team of CNEM also played well and displayed good skills in their game.

## CN Kumar Chhatralaya Volleyball Team wins State Level



CN Kumar Chhatralaya team became State Champions at the 47th Sub Junior Volleyball Tournament organized by Akhil Ahmedabad Amateur Volleyball Association during November 2025. The team consisted of Kartik SOnderva, Dhruvrajsinh Dodiya, Prince Dodiya, Kavy Dodiya, Meet Gamit and Meet Soni.
Photo Kumar Chhatralaya Team

## CNSA Karatekas Shine at National Meet

Four CNSA Karatekas shined at the 6th All India Open Karate Championship organized at Haryana from 28th -30th November 2025. Atharva Chadarana received gold medal and Reyansh Shah received the bronze medal. Dhairya Makwana and Anmol Tolani became runner-up and second runner-up respectively.





At the Khel Maha Kumbh competitions CN Kanya Chhatralaya girls Shyana Makwana, Aastha Kataria, Shital Jadav and Nivedita Chavda – all received Bronze medals for their Karate skills.

## School Games Federation competitions

CN Kishore Vidyalaya fielded 2 Under-14 Volleyball teams from which 2 boys were selected to represent Ahmedabad City team at the district level. The Under-14 Girls team became the winner at the ward level. The school also fielded Kho-Kho and Kabaddi teams and 20 students participated in different athletic events. Rudra Patel won Gold in Swimming at the district level. Isha Patel won 3 gold medals in different events of Artistic Gymnastics and qualified for the nationals to be held in Kolkata in January 2026. The school also fielded teams in Basketball, Handball, Football, Kho-kho and Volleyball for Khel Maha Kumbh competitions.

--------------------------------------




Kashvi Kadia of CN Bal Vidyalaya reached the State Level in Roller Skating at the Khel Maha Kumbh Competition whereas Darshangiba Dodiya topped the city-level 50 metres race and Standing Broad Jump categories and qualified for the District Level Competitions.

**Trupti Rawal**, Director, CNSA

## ચી. ન. કલોનિકેતનની વિદ્યાર્થીનીઓનું અરંગેત્રમ







ચી. ન. કલોનિકેતનની ૨ વિદ્યાર્થીનીઓ દ્રષ્ટિ પંચાલ અને માનુશ્રી ત્રિવેદીએ ૧૫ નવેંબર ૨૦૨૫ના રોજ ટાગોર હોલના મંચ ઉપર અરંગેત્રમની પ્રસ્તુતિ કરી. કલાનિકેતનના ઇતિહાસમાં આ પ્રસંગ પ્રથમવાર આવ્યો કે કોઈ વિદ્યાર્થીનીઓ આ મૂકામે પહોંચીને રસભર નૃત્ય પ્રસ્તુતિ કરી. કલાનિકેતનના ભરતનાટ્યમ ગુરૂ શ્રી રામતિલક કોરીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી આ પ્રસ્તુતિ સંસ્થા અને વિદ્યાર્થીનીઓ માટે એક યાદગાર પ્રસંગ બની રહ્યો.

**તૃપ્તિ રાવલ**, નિયામક, ચી. ન. કલાનિકેતન

# શેઠ ચી.ન. કુમાર-કન્યા છાત્રાલયનો એક દિવસીય પ્રવાસ પાવાગઢ - ચાંપાનેર



શેઠ ચી.ન. કુમાર-કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓ પ્રકૃતિના સાનિધ્યમાં રહીને સાહસના પાઠ શીખે અને ભારતીય કળા વારસાથી માહિતગાર થાય તે હેતુથી તારીખ ૧૩/૧૨/૨૦૨૫ ને શનિવારના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.

**પાવાગઢ**

મહાકાળીમાતાનું મંદિર જે એક શક્તિપીઠ છે, જેની ઊંચાઇ ૮૨૨ મીટર છે. મહાકાળિકામાતાના મંદિર સુધી પહોચવા માટે અંદાજે ૨૫૦૦ થી ૩૦૦૦ પગથીયાનું ચઢાણ છે. આ મંદિરને UNESCO દ્વારા WORLD HERITAGE SITE તરીકે ૨૦૦૪ માં માન્યતા મળેલ છે.

**જામી મસ્જિદ - ચાંપાનેર**



ઈન્ડો-ઈસ્લામિક મુઘલ શૈલીના બાંધકામ માટે મહમુદ વેગડાએ ભંડોળ પૂરું પડ્યું હતું. આ બાંધકામ ૧૫૦૮-૦૯ પૂર્ણ થઈ ગયું હતું. મસ્જિદના ગુંબજની સંખ્યા-૧૨, મિનારા-૦૨, મિનારની ઊંચાઇ-૩૦ મીટર ( પાંચ માળ ), પ્રાર્થના હૉલ માં ૨૦૦ સ્તંભો છે. મસ્જિદમાં એક તરફ પત્થરની જાળી મુકેલ છે, તે તરફથી સ્ત્રીઓએ ધાર્મિક કાર્યો કરવાના હોય છે.

**ઝંડ હનુમાન**

ગુજરાતનાં પંચમહાલ જીલ્લામાં જાંબુઘોડા અભ્યારણ્યની વચ્ચે આવેલું પૌરોણિક સ્થળ છે. ઝંડ હનુમાનમાં ૫૦૦ વર્ષથી પણ વધુ જૂના શિલ્પો અને મૂર્તિઓ આવેલી છે.

એક જ પત્થરમાથી કોતરવામાં આવેલ ૨૧ ફૂટ ઊંચી અખંડ હનુમાનની મુર્તિ છે. મુર્તિની વિશિષ્ટતા એ છે કે તેમાં શનિદેવને હનુંમાનજીના પગ નીચે કોતરવામાં આવેલ છે. જે શનિદોષના નિવારણનું પ્રતિક છે. આ મંદિર પાંડવોના સમયનું માનવામાં આવે છે.

અભ્યારણ્યમાં ભીમની ઘંટી આવેલી છે જે એક કુદરતી પત્થરની રચના છે, જેનો ઘેરાવો ૫ ફૂટનો છે. જે પૌરોણિક કથા અનુસાર મહાભારત કાળમાં ભીમ દ્વારા અનાજ દળવા માટે ઉપયોગમાં લેવાતી હતી. જે ઝંડ હનુમાનની નજીક જોવા મળે છે.




અર્જુન કૂવો - લોકવાયકા મુજબ વનમાં પાંડવો રોકાયા હતા ત્યારે દ્રૌપદીને તરસ લગતા અર્જુને બાણ મારીને પાણી માટે કૂવો બનાવ્યો હતો જેને અર્જુનકુંડ કે બાણગંગા તરીકે ઓળખવામાં આવે છે .

**વિરાસત વન - પાવાગઢ**

ઔષધિય વનસ્પતિઓનો બગીચો છે જેનો વિસ્તાર ૬.૫૦ હેક્ટર છે ,તેમજ તેમાં જુદા જુદા ૭ વિભાગો આવેલા છે .
(૧) આનંદ વન (૨) આરોગ્ય વન (૩) આરાધ્ય વન (૪) સાંસ્કુતિક વન (૫) આજીવિકા વન (૬) નિસર્ગ વન (૭ ) જૈવિક વન

**ધાબા ડુંગરી - પાવાગઢ**

મહર્ષિ વિશ્વામિત્ર ઋષિની તપોભૂમિ છે જે મહાભારત કાળ કરતાં ખુબજ જૂની જગ્યા છે, તેમાં ગેબી ગુફામાં કેદારેશ્વર મહાદેવના દર્શન થાય છે તથા જુદીજુદી દેવીઓના દર્શન થાય છે. ભારતીય સંસ્કૃતિની વિવિધતા અને વિરાસતની સમજ સાથે વિધ્યાર્થીઓ માટે આ પ્રવાસ શિક્ષણપ્રદ તથા યાદગાર રહ્યો.

**ચંદ્રભૂષણ પાસી**
ગૃહપતિ, શેઠ ચી.ન. કુમાર છાત્રાલય

## Cultivating the Habit of Thinking Among Students

21.11.2025

Clear thinking enables individuals to analyse situations, question assumptions, make informed decisions, and contribute constructively to society. Recognising this foundational truth, Sheth C. N. English Medium School conducted a special learning session titled ‘How to Think?’. Dr. Dhiren Ganjwala (Alumnus 1978 batch) and Dr. Himanshu Desai conducted a special learning session which echoed the school’s philosophy, focusing not on what to think, but on how to think.



Students were guided to understand that thinking is not an automatic process but also a habit that must be consciously developed, especially during the formative years. Through relatable examples and interactive discussion, the session highlighted how clarity of thought emerges when students learn to ask meaningful questions, analyse situations from multiple perspectives, and reflect before responding. Such practices foster intellectual independence and lifelong learning — key goals envisioned in NEP 2020.

Importantly, the session also conveyed that the ability to think clearly is not limited to academic success alone. It is a life skill that influences decision-making, ethical judgment, emotional balance, and social responsibility.

## AI in Education: Challenges and Opportunities

18.12.2025

The role of education in society is not merely to provide information, but to make human beings thinkable—capable of thinking, questioning, and applying ideas to achieve better outcomes. Every meaningful journey of learning begins with thinking, and the core element of thinking is the question “Why?”. In order to understand this element with new perspective and to explore the role of AI in education, the C N Vidyavihar campus director Dr. Vaishali Shah, principals of Gujarati medium and English medium school along with a few educators attended ‘AI IMPACT SUMMIT’, a one-day conference which was organized by the Centre for Environmental Education (CEE). The conference helped educators design a roadmap for integrating AI meaningfully into education.




The conference had keynote speakers like Mr. Kartikeya Sarabhai, Shri Naga Tummala, Mr. Kannan Perumal, Mr. Nirmal Patel, Dr. Abhay Kumar, Mr. Pradipta Hore, Mrs. Suparna Diwakar, Shri Kundan Lal, Dr. Arpan Yagnik. The discussions focused on AI’s role at three levels:

1. AI in Curriculum Development and Teacher Education
2. AI in School Education
3. AI in Higher Education

The session emphasized the role of Generative AI in enhancing education while upholding human values. Technology can be presented as a tool to support teachers, foster meaningful interactions, and ensure continuous student engagement. The discussion highlighted the need for guided, ethical, and responsible use of technology so that innovation complements human intelligence and promotes holistic learning.

## From Teacher to Heartfulness Educator: A Journey Within

6th,13th,20th & 27th Dec. 2025

Vidyalaya alumna Shefali Chintan Parikh (1975 Batch) has been practicing Heartfulness Meditation regularly for the past 6 years. She is a preceptor herself and volunteers her time for heartfulness meditation.  She has taken initiative to arrange a workshop for all the C.N. school teachers at Adalaj in coordination with ARO.

The teachers of C N Schools visited Heartfulness — a centre guided by the principle of "Purity Weaves Destiny." The visit was designed not merely as an exposure programme, but as an inner journey, helping teachers move from being routine educators to becoming Heartfulness teachers.

In the midst of academic responsibilities and daily pressures, the session offered a pause — a moment to turn inward. The experience was structured around three core practices: meditation, cleaning of the soul, and a concluding prayer. Each practice gently guided the participants towards stillness, awareness, and inner balance.




Through meditation, teachers experienced a deep sense of calm and relaxation. The practice allowed the mind to slow down, creating space for clarity and emotional equilibrium. The process of inner cleaning helped participants reflect upon and release mental burdens, emotional heaviness, and accumulated stress, enabling a sense of lightness and renewal. The concluding prayer acted as a unifying moment — a silent yet powerful connection with the higher self, fostering humility, gratitude, and purpose.

What made the experience truly divine was the felt connection with the inner soul. The session reinforced the understanding that a teacher who is calm within can create a calm learning environment, and a teacher who is connected inwardly can guide students beyond textbooks.

The Heartfulness experience beautifully aligned with the idea that education is not only the transfer of knowledge but also the transmission of values, balance, and consciousness.

## Pathway to National Defence Academy: Discipline, Fitness and Lifestyle


30th Dec. 2025

A session on "Pathway to Joining the National Defence Academy (NDA)" was conducted at Sheth C. N. English Medium school by Colonel Nikhil Gajjar (Retd.), a former Army officer. Students of the C.N.Vidylaya and C.N.English Medium were participated in this session.

Colonel Gajjar began the session by explaining the significance of the NDA as the premier institution that trains future officers of the Indian Armed Forces. He elaborated on the eligibility criteria, selection process, and the importance of early preparation. He added that joining the NDA means a commitment to serve the nation with honour, courage, and integrity. The speaker emphasized clarity of purpose, self-motivation, and a strong sense of national responsibility as key factors for aspirants.

The session highlighted the disciplined and structured lifestyle that life at NDA demands. Colonel Gajjar explained how time management, regular routines, punctuality, and self-discipline play a crucial role in shaping an NDA aspirant. He encouraged students to cultivate habits such as early rising, goal-oriented planning, and consistency in daily efforts.

A major focus of the talk was on physical fitness. Colonel Gajjar explained how regular sports and fitness activities and strength and endurance training help build stamina, mental toughness, and resilience. Students were encouraged to view physical exercise as a lifelong habit that supports both physical and mental well-being, aligning with the holistic development approach of NEP 2020.



The speaker also spoke about the importance of healthy eating habits. He explained how a balanced diet contributes to physical fitness, concentration, and emotional stability. Students were advised to avoid junk food and adopt nutritious, simple, and timely meals. Colonel Gajjar emphasized that healthy food choices reflect self-control and discipline, which are essential qualities for future defence personnel.

The session was highly inspiring and informative. It helped students understand that joining NDA requires a balanced development of mind, body, and character. The school sincerely expresses gratitude to Colonel Nikhil Gajjar for guiding students towards a purposeful and value-driven career path in service of the nation.

C.N. Vidyalaya alumnus Shri Shilpeen Majmudar (1974 Batch) helped to arrange this interactive session with Colonel Nikhil Gajjar in co-ordination of ARO.

**Krunal Shah**, PGT
Sheth C N English Medium School

# વિદ્યાવિહારની પ્રથમ શાળા શેઠ ચી.ન.વિદ્યાલયના શતાબ્દી વર્ષની ઉજવણી











**સ્થળ : ચી.ન. રંગભવન, તા : ૨૭ ડિસેમ્બર ૨૦૨૫**

શેઠ ચી.ન. વિદ્યાલય શતાબ્દી વર્ષના ગૌરવપ્રદ પ્રસંગે સમગ્ર વર્ષ દરમ્યાન વર્તમાન વિદ્યાર્થીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓને સાંકળીને અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. એ અંતર્ગત શનિવાર, તા.૨૭.૧૨.૨૦૨૫ના રોજ ચી.ન. રંગભવનમાં શતાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રંગભવનમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત રંગભવનની સામેના Football Groundમાં વિદ્યાર્થીઓ દ્વારા food courtનું આયોજન, મંડલા કલા, Live Sketch, Pyramid અને તલવારબાજી જેવા અંગ કરતબોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. અને 'Open Mike' session દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ અભિવ્યક્તિની તક આપવામાં આવી હતી. જેનો વિદ્યાથીઓ તેમજ ઉપસ્થિત સહુએ આનંદ માણ્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથીઓ તરીકે શ્રી કલ્પેશ દલાલ (પૂર્વ વિદ્યાર્થી ૧૯૬૬ની બેચ અને આવિષ્કાર અકાદમીના સ્થાપક ચેરમેન) અને શ્રી માધવ રામાનુજ (પૂર્વ આચાર્ય શેઠ ચી.ન. કલા મહાવિદ્યાલય લેખક, સાહિત્યવિદ)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને શંખનાદથી કરવામાં આવી હતી. સંસ્થાના મુરબ્બી ટ્રસ્ટી શ્રી સૌભાગ્યચંદ શાહ, વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ, ગુજરાતી માધ્યમ શાળાઓના નિયામક શ્રી હિતેન્દ્ર ત્રિવેદી, વિદ્યાલયના આચાર્ય શ્રી ધવલ પાઠક તેમજ અન્ય સંસ્થાઓના વડાઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વિદ્યાવિહારની પરંપરા પ્રમાણે સાહિત્ય, કલા, સંગીત અને નાટ્યકલાને ઉજાગર કરતી વિવિધ પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

વિદ્યાલયના પૂર્વ આચાર્ય, ઝીણાદાદાના લાડીલા નામે વિદ્યાર્થીઓમાં અતિપ્રિય એવા કવિ શ્રી સ્નેહરશ્મિ રચિત 'વિદ્યાવિહાર ગીત'ની ભરતનાટ્યમ સાથે સુભગ સમન્વય કરીને પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સંગીતવૃંદ દ્વારા વિવિધ વાદ્યોની મદદથી જુગલબંધીની પ્રસ્તુતિ થઈ હતી. વિદ્યાલયના આદર્શ સંગીત શિક્ષક શ્રી ભાઈલાલભાઈ શાહ દ્વારા સ્વરાંકિત વિદ્યાલયમાં ખૂબ ગવાતો-રમાતો પ્રખ્યાત ગરબો 'સૈયર વનરા તે વનમાં વેણુ વાગી'ની સુંદર પ્રસ્તુતિ થઈ હતી. જાપાનના સાહિત્ય પ્રકાર 'હાઈકુ'ને ગુજરાતી સાહિત્યમાં પ્રસ્તુત કરનાર શ્રી સ્નેહરશ્મિના અનોખા પ્રદાનને યાદ કરી વિદ્યાર્થીઓ

# વિદ્યાવિહારની પ્રથમ શાળા શેઠ ચી.ન.વિદ્યાલયના શતાબ્દી વર્ષની ઉજવણી

















દ્વારા રચાયેલ હાઇકુની પ્રસ્તુતિ થઈ હતી. Mime Presentation દ્વારા પ્લાસ્ટિકના મર્યાદિત ઉપયોગ, સ્વચ્છતા અને પ્રદૂષણ બાબત જાગૃતિ અંતર્ગત એક સંદેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાવિહારના સ્થાપકો માણેકબા ચીમનલાલ શેઠ ,અને સફળ સંવાહકો ઇન્દુમતીબહેન શેઠ તેમજ શ્રી ઝીણાભાઈ દેસાઇના જીવન આધારીત અમુક પ્રસંગોને આવરીને એક નાટ્યપઠન ‘વાચીકમ’ની પ્રસ્તુતિ થઈ હતી. જેમાં પ્રસંગને અનુરૂપ વિદ્યાવિહારમાં ગવાતા ગીતોને સાંકળી લેવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતમાં વિવિધ રચનાઓની રજૂઆત થઈ હતી. જેમાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત **‘હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ’** અને સંસ્કૃતમાં **‘મધુરાષ્ટકમ’** ખૂબ જાણીતી રચનાઓ હતી. દરેક ભાષાની રચનાઓ સહુએ માણી હતી. અનેકતામાં એકતા ધરાવતી ભવ્ય ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ રાજયોના લોકનૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં આસામના બિહુ નૃત્ય, રાજસ્થાનનું ઘુમર નૃત્ય, તામિલનાડું અને કેરાલા રાજયનું કોલટ્ટમ નૃત્ય અને ગુજરાતનાં લોકપ્રિય રાસની સુંદર પ્રસ્તુતિ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં સ્નેહરશ્મિ રચિત ‘ઝંડાગીત’ની પ્રસ્તુતિ વિદ્યાલયના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. કોઈ પણ સંસ્થા માટે તેની શતાબ્દીના ૧૦૦ વર્ષની ઉજવણી એ એક ખૂબ જ ગૌરવપ્રદ અને આનંદદાયી અવસર કહી શકાય. તાઃ ૯.૬.૨૦૨૫થી શરૂ થયેલ શતાબ્દી ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં પૂર્વ વિદ્યાર્થીઓએ ઘણું જ મહત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. અતિથી શ્રી માધવ રામાનુજ તેમની નાદુરસ્ત તબિયતના કારણે કાર્યક્રમમાં હાજરી આપી શક્યા નહોતા. શ્રી કલ્પેશ દલાલે સમગ્ર કાર્યક્રમમાં તેમના વર્ષોના અનુભવ થકી વિદ્યાર્થીઓને Practiceથી શરૂ કરીને Grand Rehearsal અને કાર્યક્રમની પૂર્ણાહુતિ સુધી સતત માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો. શ્રી માધવ રામાનુજે હાઇકુના બંધારણ અને તેને ફક્ત ૧૭ અક્ષરમાં અર્થપૂર્ણ રીતે કેવી રીતે લખી અને રજૂ કરી શકાય તેની તાલીમ વિદ્યાર્થીઓને આપી તેઓને હાઇકુની રચના કરવા પ્રોત્સાહિત કર્યા હતા. હતી. વિદ્યાવિહાર પરિવાર શ્રી કલ્પેશ દલાલ અને શ્રી માધવ રામાનુજના સહયોગ બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે.

શાળા ભવિષ્યમાં પણ તેના મૂલ્યો અને પરંપરાને જાળવી સાંપ્રત પ્રવાહો સાથે કદમ મિલાવી સતત પ્રગતિ કરતી રહે એવી શુભકામનાઓ.

# હાઇકુ

૧) છાત્રાલયની
શરૂઆતમાં બીજ
આખા વૃક્ષનું

૨) ચિત્ર, નૃત્ય કે
સંગીતની ધુનમાં
મૂળ સી. એન

૩) ત્રીસ હજાર
ઝાડમાં તુજ બને
તાજગી જોને

૪) સી. એન છોડ
બીજી વાત, કેવી છે
સો ની સફર

૫) સી. એન. તને
મપાય કેમ, મૂળ
જેટલા શીખ

૬) તોલે ન આવે
કોઈ ક્ષિતિજ એવી
વિશાળ તારી

૭) ફૂલોની હાર
રંગે છે સી. એન. ને
વારંવાર જો

**ચૌધરી આર્યન મેઘરાજભાઈ - ધોરણ - ૧૨-C**

---

૧) અમૃત જેવી
બોલી, ગાંધીના બોલ
આ મારી શાળા

૨) જીવતરનો
પાયો, બાળપણની
મજા, શાળામાં

૩) ઘડતરનું
થાય સમ્માન એવી
અનોખી શાળા

૪) પક્ષી દેશી યા
વિદેશી દેખાય તે
સી. એનમાં જ

૫) હિમ્મત હારે
નહિ, ક્યારેય છાત્ર
સી. એન.ના જ

**રબારી માહી ધર્મેશભાઈ ધોરણ - ૯-A**

---

૧) મારી શાળા માં
પશુ- પંખી, બાળકો
કરે કિલ્લોલ.

૨) બાળકો થકી
છે જીવંત શાળા
ભણે સૌ સંગ

૩) પ્રગતિ પંથે
શોભે મારી નિશાળ
બાળકો થકી

૪) મારી શાળા ને
થયાં શતક પૂરાં
અભિનંદન !

૫) શિક્ષકો જ્ઞાની
ભણીગણી, બાળકો
થયાં છે જ્ઞાની

**શાહ કાવ્યા રિતેશભાઈ -ધોરણ ૯-C**

---

૧) એવી સી. એન.
જેનું નામ લેતાં જ
ગર્વ થાય છે

૨) વિધાર્થીઓની
નસ-નસમાં જ છે
શેઠ સી. એન.

૩) સી. એન. શાળા
નહીં, પરંતુ જ્ઞાન
નો ભંડાર છે

૪) સી. એન.ના પૂર્વ
વિદ્યાર્થીઓ આવીને
સૌને ઉજાળે

૫) યાદો એટલી
કે જરૂરત પડતી
સ્મૃતિકેન્દ્રની

**વાઘેલા ભાગ્યશ્રીબા દેવાંગસિંહ ધોરણ ૧૧-D**

---

૧) સી. એન. શું છે?
શિસ્તને સંસ્કારનો
દ્રીજ સંગમ

૨) મોટું સંકુલ
ફૂલ, છોડ, વિહંગ
સહ અસ્તિત્વ

૩) વિકાસ પાયો
જ્ઞાન ભેળી ગમ્મત
શાળાની છબી

૪) રમત, નૃત્ય
ગાયનને વાદન
વિદ્યાનો સંગ

૫) અમે નમીએ
જ્ઞાનનાં પ્રકાશને
ઘડીએ ભાવિ

**વરદા બક્ષી પ્રશાંત - ધોરણ ૧૧-B**

---

૧) આંબાઓ સાથે
વિતાવ્યું અનોખું
શૈશવ અહીં

૨) કર્યા વિકાસ
સૂર તાલની સાથે
આ વિદ્યાલયે

૩) સંસ્કાર તારા
સદા મુજ હૈયામાં
રહે સી. એન

૪) રંગ- બે રંગી
આ રંગભવનના
એ પતંગિયા

૫) સૂર ભર્યું આ
પ્રાર્થના મંદિર, એ
બતાવે યાદો.

૬) કરવી આજ
સો વર્ષની શાળાની
મીઠી રે વાત

**ચાવડા અંકિતા વિજયભાઈ - ધોરણ ૯- D**

---

૧) આત્મવિશ્વાસ
આપે, સ્નેહરશ્મિ
મંદિર જાણે

**પરમાર ક્રિષા સંજયભાઈ - ધોરણ ૧૨-C**

---

૧) તલાવડીમાં
સફેદ કમળનાં
મોતી પરોવાયા

૨) જે ચીર સાથી
મળી રહ્યાં સાથે
સોમાં વર્ષમાં

**જાદવ દ્વિજા જગદીશભાઈ - ધોરણ ૧૨-D**

---

૧) વસ્ત્રમાં ખાદી
હૈયામાં મૂલ્યો સંસ્થા
ગાંધીને માને

૨) પશ્ચિમના આ
શાંતિનિકેતનની
શતાબ્દી શરૂ

**દોશી કેયાં વિપુલકુમાર - ધોરણ ૧૦-D**